## સાવરકુંડલાના થડેશ્વર અને ઉનાના વાયા પરિવારમાં રૂડો અવસર ઉજવાયો

# સાવરકુંડલામાં થડેશ્વર અને વાયા પરિવારમાં શુભલગ્નોત્સવ સંપન્ન

**સાવરકુંડલા પરજીયા સોની વાડીના ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઇ થડેશ્વરની દિકરી ડો. હિરલના શુભલગ્ન ઉના નિવાસી શ્રી કાંતિભાઇ વાયાના સુપુત્ર ડો. નિતિન સાથે યોજાયાં**

**લગ્નોત્સવમાં કાકા શ્રી મહેન્દ્રભાઇ થડેશ્વર અને કાકી અ. સૌ. સોનલબેનના વરદ હસ્તે કન્યાદાન કરાયું : સગાસ્નેહીઓ અને પરિવારજનોની ઉપસ્થિતિ**



પાંચતલાવડા, (વિક્રમભાઈ ખુમાણ) સાવરકુંડલાના થડેશ્વર અને ઉનાના વાયા પરિવારમાં રૂડો લગ્નોત્સવ યોજાયો હતો. તેમાં સગા સ્નેહી, પરિવારજનોની ઉપસ્થિતિમાં નવદંપતિને ફુલડેવધાવ્યાહતાં. મુળ ડોળાસાવાળાહાલ ઉનારાજકોટ નિવાસી ઉનાપરજીયાસોની જ્ઞાતીતેમજ સંસ્થાનાંઅગ્રણી કાર્યકર એવા શ્રીકાંતિભાઈવાયાપરિવારેજાડેરીજાનજોડી હતી. અ.સૌ.ક્રિષ્નાબેન કાંતિભાઈ પિતાંબરદાસ વાયાના સુપુત્ર ડો. નિતિનના શુભલગ્ન મુળ હિપાવડલીવાળા હાલ સાવરકુંડલા રાજકોટ નિવાસી અ.સૌ.નિતાબેન તેમજ પ્રવિણચંદ્ર ધીરજલાલ થડેશ્વરના સુપુત્રી ડો. હિરલ સાથેતા.૧૭નેરવિવારેપરજીયાસોનીજ્ઞાતિ વાડી સુર્વણ મંદિર સાવરકુંડલાના આંગણે ખુબજધામધુમપુર્વકઅનેઆનંદઉલ્લાહથી લગ્નોત્સવયોજાયોહતો. જેમાંડો.હિરલના કાકા શ્રી મહેન્દ્રભાઈ ધીરજલાલ થડેશ્વર અને કાકી અ.સૌ.સોનલબેન થડેશ્વરના વરદહસ્તેકન્યાદાનઆપવામાંઆવ્યુંહતું. તા.૧૬ સાંજના જાન આગમન સાથે વાયા અને થડેશ્વર પરિવાર દ્વારા દાંડીયારાસ બાળકોના ડાન્સનો કાર્યક્રમ રંગેચંગે માણ્યો હતો. આ પ્રસંગે લટુરીયા હનુમાન આશ્રમ હિપાવડલીના મહંત પુ.જશુબાપુએ મંડપ મુર્હુતના દિવસે પધારી ડો.હિરલને આશિર્વચનપાઠવ્યાહતાં. અવધટાઈમ્સના તંત્રી માલીકશ્રી ભરતભાઈ ચૌહાણ અને સાવરકુંડલાનાટ્રસ્ટીશ્રીશૈલેષભાઈથડેશ્વર, શ્રીદિપકભાઈસુરૂ, શ્રીચંદ્રેશભાઈથડેશ્વર, શ્રી સત્યમભાઈ ધકાણ, શ્રી કપીલભાઈ ધોરડા તેમજ સૌરાષ્ટ્રભરના નામી આગેવાનોએ હજારી આપી પ્રસંગને દિપાવ્યો હતો.

### છેલ્લા પાનાનું

### આજે સંવિધાન દિવસ

ખાતે સાંજના ૬-૩૦ થી ૯-૩૦ સુધી સેમિનાર સહિતના કાર્યક્રમો યોજાશે. ન્યાય મંદિર ખાતે સેમિનારનું ઉદ્દઘાટન દિપ પ્રાગટ્ય સાથે સાંજે ૭ વાગ્યે કરાશે. સ્વાગત પ્રવચન અને મહાનુભવોના પરિચય બાદ મહેમાનોનું સ્વાગત અને આમુખનું સામુહિક વાંચન તથા ૭-૩૦ થી ૮ દરમિયાન આમંત્રિત મહાનુભવોના વકતવ્યો યોજાનાર છે. કાર્યક્રમ માટે જિલ્લા સરકારી વકીલશ્રીની કચેરી અમરેલી દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

### અમરેલીમાં નહિ રહેતા નહીંતર તમને ટાળી દઈશ કહી

## અમરેલીમાં જૈન દેરાસર વિસ્તારમાં પૈસાની ઉઘરાણી કરવા ગયેલા કાકા-ભત્રીજા ઉપર જીવલેણ હુમલો

**ઈજાગ્રસ્તોને સારવાર માટે દવાખાને ખસેડાયા : બે વિરુદ્ધ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ**



અમરેલી,

અમરેલી શહેરમાં આવેલ દેરાસર વિસ્તારમાં મારામારીની ઘટના બની હતી જેમાં પૈસાની ઉઘરાણી કરવા માટે ગયેલા અકિલભાઈ હારૂનભાઈ બિલખીયા તથા તેમના કાકા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. પૈસાની ઉઘરાણી કરતા સારું નહીં લાગતા ઈમરાન ઉર્ફે ડોડી ડેરીયા તથા સલીમ ઉર્ફે છજ્ઞો રાઠોડ દ્વારા લાકડાનો ધોકો તથા લોખંડની ફ્રેમ વડે માર મારીને ઈજા પહોંચાડતા ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે આ અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ થતા પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## રાજકોટમાં મહિલાની હત્યાનો આરોપી ઝડપાયો

**બાતમી આધારે પોલીસે ઝડપી લઇ કાર્યવાહી કરી**

રાજકોટ,

કુવાડવા રોડ નજીકના ૮૦ ફૂટના રોડ પર આવેલ શહિદ ઉધમસિંહ ટાઉનશીપમાં રહેતી અને તલ્લાક લઈ ચુકેલી રેશમાબેન યુનુસભાઈ બેલીમ ને દસેક દિવસ પહેલાં તેના પૂર્વ જેઠના પુત્ર અને જમાઈ સહિતનાઓએ ઘરમાં ઘુસી, છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘાયલ રેશમાબેને આજે સવારે સિવીલમાં સારવાર દરમિયાન દમ તોડી દેતાં આ બનાવ હત્યામાં પલ્ટાયો છે. જે-તે વખતે બી-ડિવીઝન પોલીસે ખુનની કોશિષ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ચાર આરોપીઓની ધરપકડ કરી તપાસના અંતે જેલ હવાલે કર્યા હતા. પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું છે કે રેશમાબેનને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. તેના લગ્ન ૨૦૦૫માં આરીફભાઈ સમા સાથે થયા હતા.

### સર્ટીફીકેટ ખોવાયેલ છે

આથી હું નીચે સહી કરનાર સાધનાબેન ભરતભાઇ ધરજીયા ઉ.વ.પુખ્ત, ધર્મે : હિન્દુ, રહે.હાલ અમરેલી, તા.જી.અમરેલીના જાહેર કરીએ છીએ કે, આજથી બે મહિના પહેલા હું અમરેલી મુકામે ચિતલ રોડ રસ્તે ઓનલાઇન ફોર્મ ભરવા માટે ગયેલ ત્યારે મારૂ ધી ગુજરાત નર્સિંગ કાઉન્સીલ તરફથી આપવામાં આવેલ સર્ટીફિકેટ ઓફ રજિસ્ટ્રેશન રસ્તામાં ક્યાંક ખોવાઇ ગયેલ. જેની ખુબ જ શોધખોળ કરેલ પરંતુ મળેલ નહી અને મળે તેમ પણ નથી. આ પ્રમાણપત્ર મને તા.૩-૪-૨૦૨૩ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ હતુ અને મારો રજિ.નં. A-I/H-I-35613 છે. હાલમાં મારે ફરીવાર આ પ્રમાણપત્ર કઢાવવાનું હોય જેમાં ધી ગુજરાત નર્સિંગ કાઉન્સીલ તરફથી આ પ્રમાણપત્ર ખોવાઇ ગયા અંગે પોલીસ રિપોર્ટ માંગેલ હોય. જેથી જે કોઇને પણ આ સર્ટીફિકેટ મળેલ હોય અથવા તો મળી આવ્યુ હોય તો મો.નં.૭૬૨૩૦ ૨૦૯૧૯ ઉપર સંપર્ક કરી અમોને જાણ કરવા વિનંતી.

સ્થળ : અમરેલી
તારીખ : ૨૨-૧૧-૨૦૨૪

લી.સાધનાબેન ભરતભાઇ ધરજીયા
રહે.હાલ અમરેલી, તા.જી.અમરેલી
મો.૭૬૨૩૦ ૨૦૯૧૯


**ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી**
**પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ**
**બોનાન્ઝા બેન્કવેટ**
**કલાપી બેન્કવેટ**
**ગુલમહોર ફંકશન હોલ**
લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩



**અરોમા પ્રિમીયમ બોડી સ્પા**
દિવાળી ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧



**શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?**
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેક્ટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક
લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
**સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક**
મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ, અમરેલી



**સંકુલ PG કોલેજ - ડેઈલી ટીચીંગ સમય**

| | | | |
|---|---|---|---|
| MA કોલેજ Psy-Soc-Eng | ૯:૨૫ થી ૧૨:૪૫ | MBA કોલેજ GTU | ૯:૪૫ થી ૩:૪૫ |
| M.Com. કોલેજ ઈ.મી. | ૮:૪૦ થી ૧૨:૪૫ | MCA કોલેજ GTU | ૯:૪૫ થી ૩:૪૫ |
| M.Com. કોલેજ ગુ.મી. | ૮:૪૦ થી ૧૨:૪૫ | PG-DMLT કોલેજ | ૬:૩૦ થી ૧૨:૪૫ |
| M.Sc. કોલેજ માઈક્રો-BT | ૧૨:૦૦ થી ૬:૧૫ | B.Ed. કોલેજ સૌ.યુનિ. | ૬:૩૦ થી ૧૨:૪૫ |

★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટેસ્ટ – ત્રિમાસિક – છમાસિક – નવમાસિક પરીક્ષા
★ યુનિવર્સિટી ટોપટેનમાં સંકુલ સ્ટુડન્ટ્સ – યુનિવર્સિટી ટોપટેનમાં સંકુલ કોલેજ
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢરોડ, અમરેલી -Ad 077


### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી ધારી

બ.ડે.રજી.કેસ નં.૧૨૮/૨૪
નં.એમએજી/વશી/૬૨૩/૨૦૨૪..........તા.૨૧-૧૧-૨૦૨૪
અરજદાર :- શ્રી મધુભાઈ બચુભાઈ ચાવડા રહે.આંબાગાળા, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી પાણીયા (ડુંગરી) ગ્રામ પંચાયત તા.ધારી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી મધુભાઈ બચુભાઈ ચાવડા રહે.આંબાગાળા વાળાએ તેમના ભાઈ શ્રી કાળુભાઈ બચુભાઈ ચાવડાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૭૨ ના રોજ ધારી તાલુકાના આંબાગાળા ગામ મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૦૫-૧૨-૨૦૨૪ ના રોજ ૦૪:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધારી

### મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૨૨૮-૨૦૨૪..........મુ.તા.૧૨-૧૨-૨૦૨૪
અરજદાર : ધાખડા ગભરૂભાઈ ભવાનભાઈ રહે.કાતરપરા, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી ડી.બી.જોષી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી કાતરપરા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર ધાખડા ગભરૂભાઈ ભવાનભાઈનો જન્મ તા.૦૧-૦૬-૧૯૮૦ નારોજ ગામ કાતરપરા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પોતાના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૨-૧૨-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૨૧-૧૧-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૪૬૨/૨૦૨૪
અરજદાર :- શ્રી મરઘાણી શાબાનઅલી મનસુરઅલી રહે.રાજુલા, જી.અમરેલી
વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી નગરપાલિકા રાજુલા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી મરઘાણી શાબાનઅલી મનસુરઅલીએ તેમના ભાઈ શ્રી મરઘાણી અકબરઅલી મનસુરઅલીનો જન્મ તા.૦૧-૦૬-૧૯૬૪ ના રોજ રાજુલા મુકામે જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પ્રવિણભાઈ આર.ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦-૧૧-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૨૦-૧૧-૨૦૨૪

કોર્ટનો સિક્કો
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા






## અમદાવાદમાં મકરસંક્રાંતી પહેલા ચાઇનીઝ દોરીથી ગળુ કપાતા યુવકનું ઘટના સ્થળ પર મોત


અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧



**એસટી ડેપો સામે દુકાન વેચવાની છે**
અમરેલીમાં નવા એસ.ટી.બસ પોર્ટ સામે, જીમખાના શોપીંગ સેન્ટરમાં વ્યાજબી ભાવે
**દુકાન વેચવાની છે**
સંપર્ક સમય : બપોરે ૨ થી ૫
મો.૯૪૨૬૪ ૨૨૬૭૬



FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૬-૧૧-૨૦૨૪ મંગળવાર

# જી -ટ્વેન્ટીની શિખર પરિષદ યોજાઈ ગઈ પણ દુનિયાના દેશો એના ઠરાવોને ગણકાશે જ નહિ

જી-૨૦ રિયો ડી જાનેરોની ઘોષણા કે જેને વિધવિધ વૈશ્વિક નેતાઓએ હમણાં સમર્થન આપ્યું છે તે વિશ્વની સામેના મોટા ભાગની ઉપાધિઓને જગતના ચોકમાં પ્રતિધ્વનિત કરે છે. આ મુદ્દાઓ છે : યુદ્ધ, આબોહવા પરિવર્તન, ગરીબી સહિત ભૂખ, આર્થિક અને વૈશ્વિક અનુશાસન વગેરે. દરમિયાન, યજમાન દેશ બ્રાઝિલના રાષ્ટ્રપતિ, લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા, જેને લુલા તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમણે દાવો કર્યો છે કે આર્જેન્ટિનાએ ડ્રાફ્ટ મતભેદો અને વાંધા-વચકા ઊભા કર્યા હોવા છતાં, તેઓ આ પરિષદના પ્રમુખ એજન્ડાને સફળ બનાવવામાં સક્ષમ રહ્યા છે.

યુનો સહિતની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના આ યુગમાં થોડીઘણી આશા આવા સમાન હિત ધરાવતા દેશોના નાના સંગઠનો તરફ રહે છે. પરંતુ આ સમાન હિતવાદી પરિષદો આવનારા વૈશ્વિક ભવિષ્ય માટે હિતકારિણી સાબિત થઈ શકતી નથી. કારણ કે દાંત પડી ગયા પછીનો નખશૂન્ય વાઘ અને જેના ડંખમાં ઝેર નથી એવા સાપની અવદશા આ સંગઠનો ભોગવે છે.

છતાં પરિષદો અને શિખર સભાઓના ઠાઠમાઠ હજુ ઓછા થયા નથી. કમ સે કમ તેઓ વૈશ્વિક મીડિયામાં પોતે કંઈક સકારાત્મક પ્રવૃત્તિ કરતા હોવાની આછી મુદ્રા ઉપસાવી શકે છે. કંઈક વિરોધી આલાપ-પ્રલાપ વચ્ચેની આવી સત્તાહીન સ્થિતિમાં પણ મેનિફેસ્ટોની ભાષા દર્શાવે છે કે ૮૨૦માં ઘણા મુદ્દાઓ પર સહમતિ છે. પરંતુ પરિણામ એ આવ્યું જે મેનિફેસ્ટોનું જે ફોર્મેટ ઉભરી આવ્યું તે સામાન્ય હતું અને તેમાં નાવીન્યનો અભાવ હતો. એટલે કે આ પરિષદે જે આગે કદમ લેવા જોઈએ એમાં કોઈ દમ ન હતો. આવી પરિષદો જો એક પછી એક વિફળતાને વરે તો વિશ્વ સમુદાયનું વૈચારિક નેતૃત્વ ખાડે પડે અથવા તો આડે પાટે ચડે. જો છેલ્લા દિવસના ક્લોઝિંગ કરારે બ્રાઝિલિયન વડા લુલાને અંતિમ ઘોષણા પર વાટાઘાટો કરવામાં નિષ્ફળ જતા બચાવી લીધા, ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત યુએસના રાષ્ટ્રપ્રમુખ બને તે પહેલા રિયો ઘોષણામાં એજન્ડાને અર્થપૂર્ણ રીતે આગળ વધારવાની તક ઝડપવામાં બ્રાઝિલ સરકારના નેતૃત્વનો પ્રમાદ સપાટી પર દેખાઈ આવ્યો.

મિસ્ટર લુલાને બે સફળતા મળી. પ્રથમ, વૈશ્વિક પર બે ટકા ટેક્સની દરખાસ્તનો ઉલ્લેખ. આ મુદ્દા પર વાટાઘાટો ખોરવાઈ ગઈ હતી કારણ કે આર્જેન્ટિનાએ તેનો સખત વિરોધ કર્યો હતો. બીજી વાત કે ભૂખ અને ગરીબી સામે વૈશ્વિક ગઠબંધનનું નેતૃત્વ કરવાની તેમની વધુ મોટી સિદ્ધિ હતી. તેને ક્લોઝિંગ મેનિફેસ્ટોમાં પણ સ્થાન મળ્યું છે. અત્યાર સુધીમાં ૮૨ દેશોએ આ પર હસ્તાક્ષર કર્યા છે. ઉદાહરણ તરીકે, COP૨૯ કોન્ફરન્સ (બાકુ)માં ક્લાઈમેટ ફાઈનાન્સ પરની વાટાઘાટોમાં ક્લાઈમેટ ચેન્જ પરની ઘોષણાથી કેટલીક પ્રગતિ થવાની અપેક્ષા હતી. આબોહવા ફાઈનાન્સની રકમ 'બિલિયન્સથી ટ્રિલિયન' સુધી વધારવા અંગે દિલ્હીમાં ગયા વર્ષની ચર્ચાને પુનરાવર્તિત કરવા ઉપરાંત, આ નાણાં ક્યાંથી આવશે તે અંગે રિયોમાં કોઈ ઉલ્લેખ નથી થયો. તેના તેણે વૈશ્વિક રિન્યુએબલ એનર્જી ક્ષમતાને ત્રણ ગણી વધારવા અને ઉર્જા કાર્યક્ષમતામાં સુધારાના દરને બમણા કરવાની માંગ કરી છે.

ગત વર્ષે દુબઈમાં યોજાયેલી COP૨૮માં વિવિધ દેશો વચ્ચે કરવામાં આવેલી પ્રતિબદ્ધતાઓનો આ મેનિફેસ્ટોએ લાભ લીધો નથી. ત્યાં એવું કહેવામાં આવ્યું હતું કે અશ્મિભૂત ઈંધણથી પોતાને દૂર રાખવાની જરૂર છે. આ ફેરફાર ટાર્ગેટ નક્કી કરવા અથવા હાઈડ્રોકાર્બન રોકાણને મર્યાદિત કરવાની વાત થઈ હતી. યુક્રેન-રશિયા અને ઈઝરાયેલ-હમાસ સંઘર્ષો અંગેના અસ્પષ્ટ નિવેદનો પણ ચિંતાજનક હતા. પ્રથમ નિવેદનમાં યુક્રેનની મુશ્કેલીઓ વિશે વાત કરવામાં આવી હતી અને યુદ્ધની નકારાત્મક અસર વિશે ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ રશિયાના હુમલાનો કોઈ ઉલ્લેખ થયો નહિ. રશિયન વડા વ્લાદિમીર ગેરહાજર રહ્યા કારણ કે તેમની સામે આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતમાંથી વોરંટ છે અને તેમનું પ્રતિનિધિત્વ રશિયન વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવ દ્વારા કરવામાં આવ્યું. ઈઝરાયેલ-હમાસના મુદ્દામાં ગાઝા અને લેબનોનમાં સાર્વત્રિક યુદ્ધ વિરામની વાત થઈ અને ગાઝામાં માનવીય સંકટ અને લેબનોનમાં ઉશ્કેરણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

દ્વિ-રાષ્ટ્ર ઉકેલનો પુનરોચ્ચાર કરતી વખતે, એ વાતને આવી કે ઈઝરાયલે હવે પશ્ચિમ કાંઠે પેલેસ્ટિનિયન જમીન પર મોટા પ્રમાણમાં કબજો કરી લીધો છે. વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થાઓના નેતાઓની આ બેઠકમાં આગામી જાન્યુઆરીમાં અમેરિકામાં સત્તા પરિવર્તન અંગે ચર્ચા થઈ હતી. ટ્રમ્પના ઝુંબેશના ભાષણો અને એક્ઝિક્યુટિવ ઓફિસમાં નિમણુકો સૂચવે છે કે આ રિયો ઘોષણાના મુખ્ય મુદ્દાઓથી તેઓ બહુ દૂર છે, ક્લાયમેટ ચેન્જ અને અતિ સમૃદ્ધ લોકો પર ટેક્સ લગાવવાનો સમાવેશ થાય છે. પુતિન સાથેની તેમની અંગત નિકટતા યુક્રેનના યુદ્ધને લઈને યુએસ અને તેના યુરોપિયન ભાગીદારો વચ્ચેનું અંતર વધારી શકે છે. ઈઝરાયેલના નેતા બેન્જામિન નેતન્યાહુ સાથેના તેમના ગાઢ સંબંધો પણ પેલેસ્ટાઈન માટે સારા સંકેત નથી. આ અર્થમાં, રિયો ઘોષણાનું વ્યાપક ભવિષ્યની ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓનું એક પ્રાસંગિક પ્રતિબિંબ છે, જેને એશિયાએ પણ ગંભીરતાથી જોવું જોઈએ.

## ચલાલા દાનેવ સોસાયટીમાં બે જુથ વચ્ચે મારામારી

### કુહાડી, પાઈપ, લાકડી વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,ચલાલા દાનેવ સોસાયટી મફત પ્લોટ વિસ્તારમાં કૌશિકભાઈ નારણભાઈ ખેતરીયા ઉ.વ.૨૪ ના નાનાભાઈએ મધુ જીવાભાઈ દાફડાના મોટાભાઈની દિકરી સાથે પ્રેમલગ્ન કરેલ હોય.જે અંગેનો ખાર રાખી બોલાચાલી કરતા હોય.જેથી કૌશિકભાઈએ ઝગડો નહી કરવાનું સમજાવતા મધુએ કાન ઉપર કુહાડીનો ઘા મારી ચાર ટાંકાની ઈજા પહોંચાડી મુક્તાબેન મધુભાઈ, સંગીતાબેન મધુભાઈ, કાજલબેન મધુભાઈ દાફડાએ લાકડીઓ વડે કૌશિકભાઈના કુટુંબીને શરીરે આડેધડ મારમારી મુંઢ ઈજા પહોંચાડી બાવ વાલાભાઈ રાઠોડ,જીવા બીજલભાઈ દાફડાએ ગાળો બોલી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જયારે સામાપક્ષે સંગીતાબેન મધુભાઈ દાફડા ઉ.વ.૨૦ તથા તેના પિતાએ આરોપી હાર્દિક નારણભાઈ ખેતરીયાના પ્રેમલગ્ન હેતલબેન હાર્દિકભાઈ ખેતરીયા સાથે થયેલ હોય.અને હેતલબેન સંગીતાબેનના મોટાબાપુની દિકરી થતી હોય.તેનો કેસ થતા સંગીતાબેનનો છેડતીનો કેસ હાર્દિક નારણભાઈ,કૌશિક નારણભાઈ,નારણ હાદાભાઈ,મીનાબેન નારણભાઈ પર કોર્ટમાં ચાલતો હોય.જે બંને કેસમાં સંગીતાબેન અને તેના પિતાએ સમાધાન કરી લેતા મનદુઃખ તથા રાગ દ્વેષ રાખી વગર વાંકે પાઈપ અને લાકડી વડે સંગીતાબેન અને તેના કુટુંબીઓને આડેધડ મારમારી મધુભાઈને માથાના ભાગે તથા હાથેપગે હાર્દિક અને કૌશિકે ઘા મારેલ.તથા સંગીતાબેનને હાથે અને પેટના ભાગે હાર્દિક, કૌશિક, નારણ તથા મીનાબેને લાકડી વડે મારમારી તેમજ જીવાભાઈ બીજલભાઈ,બાવભાઈ વાલાભાઈને પણ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ

### આજનું પંચાગ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા ૨૬.૧૧ .૨૦૨૪ , મંગળવાર ,સંવંત ૨૦૮૧, કારતક વદ અગિયારસ, ઉત્પત્તિ એકાદશી, હસ્ત નક્ષત્ર , પ્રીતિ યોગ, બવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ ,ઠ ,ણ) રહેશે .

### આપણા આત્મીય વ્યક્તિઓ જ ક્યારેક ગ્રહોનો સંદેશો આપે છે

સબંધોની માયાજાળ રાચતા શુક્ર મહારાજ હાલ ધન રાશિમાં ચાલી રહ્યા છે, જીવનમાં લાગણી પ્રાપ્ત કરવી એ મહત્વની બાબત છે અને લાગણીના સંબંધોમાં વ્યક્તિ ક્યાંક ને ક્યાંક અટવાતો જોવા મળે છે. સબંધો હકીકતમાં જન્મોજન્મના ૠણાનુબંધનથી બનતા હોય છે. આપણા જીવનમાં આવતા લોકો અનાયાસ નથી આવતા પણ ક્યાંક ને ક્યાંક કોઈ કનેક્શનના કારણે તેઓ સુખ દુઃખ દેવા આવતા હોય છે અને એની વચ્ચે થી આપણે આપણા આત્મિક સબંધો શોધવાના હોય છે. ઘણા મિત્રો એક સબંધના દુઃખ અને ઉદાસીમાં થી બહાર આવતા નથી પરંતુ પ્રકૃતિ તેના માટે ઘણા આત્મિક



સબંધો આપવા બેઠી હોય છે તે તરફ તેને ધ્યાન એવું જોઈએ અને જયારે સબંધ આત્મિક બને છે ત્યારે સામી વ્યક્તિ જે વાત કરે છે તે જીવનમાં બદલાવ લાવનારી વાત હોય છે મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં મેં જોયું છે કે આત્મિક વ્યક્તિ અમુક એવી બાબત અનાયાસ બોલી જાય છે જે પ્રકૃતિ અને ગ્રહો તેની પાસે બોલવતા હોય છે જે આપણા જીવન માટે જરૂરી હોય છે અને ઘણી વાર ખુબ સામાન્ય લગતી વ્યક્તિ અસામાન્ય વાત કહી જાય છે શરત એ છે કે તે આત્મિક બનવી જોઈએ અને માટે જ જીવનના સફર માં મળતા વ્યક્તિઓ અને તેની લાગણીને હળવાશથી ના લેવી જોઈએ!

મેષ (અ,લ,ઈ) : સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે,બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.
વૃષભ (બ,વ,ઉ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો. લાગણીના સંબંધોમાં સારું રહે.
મિથુન (ક,છ,ઘ) : તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.
કર્ક (ડ,હ) : ગણતરીપૂર્વકના સાહસ થી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો,રચનાત્મક કામગીરી કરી શકો.
સિંહ (મ,ટ) : બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવકના નવા સ્ત્રોત્ર વિચારી શકો.
કન્યા (પ ,ઠ ,ણ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવા વિચારોથી લાભ થાય ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
તુલા (ર,ત) : દૂર દેશ થી સારા સમાચાર મળે,નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
વૃશ્ચિક (ન ,ય) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચાર થી મન સારું રહે ,પરિવાર સાથે આનંદ માણી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ ):વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.
મકર (ખ,જ) : ગુરુકૃપા થી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય,શુભ દિન.
કુંભ (ગ ,સ,શ) : બધું મનનું ધાર્યું ના થાય ,મિશ્ર અનુભવ આપતો દિવસ,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ): પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,સુંદર દિવસ.

## ધારી ગ્રામ પંચાયત નજીક અમરેલી એસઓજીની ટીમ બાતમી આધારે ત્રાટકી

# ધારીમાં ગાંજાનું વાવેતર ઝડપાયું

### ૧૧૪.૦૭ કિલોગ્રામ લીલો ગાંજો રૂા.૧૧,૪૦,૭૦૦ ના મુદામાલ એક શખ્સને ઝડપી પાડયો

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) અમરેલી એસઓજીના એ.એસ.આઈ.નાજભાઈ શાર્દુળભાઈ પોપટે રમેશ અરજણભાઈ વેકરીયા રહે. ધારી ઈન્દીરાનગરની પાછળ આવેલ ગ્રામપંચાયત વોટરવર્ક પાસે પોતાના કબ્જા ભોગવટાના ખેતરમાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર લીલા ગાંજાના મુળ માટીના સાથેના છોડ નંગ ૩૪૦ કુલ વજન ૧૧૪.૦૭ કિલોગ્રામ એક કિલોગ્રામના રૂા.૧૦,૦૦૦ ગણી કુલ રૂા.૧૧,૪૦,૭૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

## લાઠીના ભુરખીયામાં જાહેર જગ્યામાં ચાલવાની ના પાડીને ધમકી આપી

### ચાર મહિલા સહિત ૮ શખ્સોએ હડધુત કરી ધમકી આપી

અમરેલી,લાઠી તાલુકાના ભુરખીયા ગામે મુકેશભાઈ મનજીભાઈ વાણીયા ઉ.વ.૨૩ ના ઘરની બાજુમાં રહેતા અનિલ જગદીશભાઈ ગોહિલ નવું મકાન બનાવતા હોય. તેઓના મકાનની સામે બજારમાં મુકેશભાઈની ઘરની ડેલી પડતી હોય.જે શેરીમાંથી મુકેશભાઈ તથા તેના પરીવારના સભ્યો હાલતા ચાલતા હોય.જે આરોપીઓને ગમતી વાત ન હોય.જેથી તા.૨૩-૧૧ ના અનિલ જગદીશભાઈ સેજલબેન અનિલભાઈ ગોહિલ, ચંપાબેન નકુભાઈ વછાણી, ચંદ્રિકાબેન જગદીશભાઈ ગોહિલે અને બાદમાં પાછળથી ભુરા કલાભાઈ વછાણી, લાલજી ભુરાભાઈ વછાણી, બિપીન ભુરાભાઈ વછાણી,હંસાબેન ભુરાભાઈ વછાણીએ આવીને મુકેશભાઈ તથા તેના પરીવારના સભ્યોને ઘરની પાસે આવેલ જાહેર જગ્યામાં ચાલવાની ના પાડી જ્ઞાતિપ્રત્યે હડધુત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જીલ્લામાં વધુ બે અપમૃત્યુંના બનાવો

# ખાંભાના ત્રાકુડામાં ઝેરી દવા પી જતા યુવાનનું, વડિયાના ઈશ્વરીયામાં ટ્રેનના એન્જીન સાથે ભટકાતા બાળાનું મોત

### ક્મોતના બનાવો અંગે અલગ અલગ પોલીસ મથકોમાં જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન અપમૃત્યુંના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. ત્યારે જીલ્લામાં વધુ બે અપમૃત્યુંના બનાવ પોલિસમાં જાહેર થયા હતા.જેમાં ત્રાકુડામાં ઝેરી દવા પી જતા યુવાનનું,વડિયાના ઈશ્વરીયામાં ટ્રેનના એન્જીન સાથે ભટકાતા બાળાનું મોત નિપજયા હતા.ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે મુળ એમપીના હાલ ત્રાકુડા રમેશભાઈ પરષોતમભાઈ દુધાતની વાડીએ મોટલાભાઈ કેમતીયાભાઈ ડાવર ઉ.વ.૩૧ની પત્નિ આશરે એકાદ મહિના પહેલા તેને મુકીને તેના વતનમાં જતી રહેલ હોય.જેથી તેની ચિંતા કરતો હોય.અને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા મોત નિપજયાનું રેલમબેન વિજયભાઈ તોમરે ખાંભા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.જયારે બીજા બનાવમાં વડિયાના ઈશ્વરીયા ગામે અલીરાજપુર જીલ્લાના ભાભરા તાલુકાના ટોકરીયા જીરણ હાલ ઈશ્વરીયા,રાયનાબેન આલેમસિંગ મહીડા નામની અઢી વર્ષની બાળા વાડીના ખેતરની અંદર રમતી હોય. અને રમતી રમતી રેલ્વેના પાટા પાસે આવી જતા ટ્રેનનું એન્જીન નીકળતા તેની સાથે ભટકાતા માથાના કપાળની ભાગે ડાબી બાજુ ગંભીર ઈજા થતા અકસ્માતે મૃત્યું પામ્યાનું નાનકભાઈ પુનાભાઈ મહિડાએ વડિયા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## એસએમસીની ટીમે ત્રાટકી

# સાવરકુંડલાના નાના ઝીંઝુડાની સીમમાં ધમધમતી દેશીદારૂની ભઠ્ઠી ઝડપી લીધી

### દેશીદારૂ, વોશ, મોબાઈલ, સ્વીફ્ટ કાર,ઈલેક્ટ્રીક મોટર સહિતનો મુદામાલ મળી રૂા.૨,૯૦,૯૫૫નો મુદામાલ






અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) સાવરકુંડલા તાલુકાના નાના ઝીંઝુડા ગામની સીમમાં દલેશ્વર મહાદેવ મંદિરની પાછળ આવેલ પાણીના વોકળામાં એસએમસીના હે.કોન્સ. અરજણભાઈ વશરાએ દેશી દારૂની ભઠી ગાળતા દેશી દારૂ ૩૦૮ લીટર રૂા.૬૧,૬૦૦,દેશીદારૂ ગાળવાનો વોશ ૨૭૭૫ લીટર રૂા.૭૯,૩૭૫ ,એક મોબાઈલ રૂા.૫૦૦૦,મારૂતિ સ્વીફ્ટ કાર જી.જે.૨૫ એ.૧૯૧૩,પાણીની ઈલેક્ટ્રીક મોટર, જલાવ લાકડા, તથા અન્ય મુદામાલ મળી કુલ રૂા.૨,૯૦,૯૫૫ નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ.રેઈડ દરમ્યાન અશોક વિરાભાઈ કોળી રહે. મોટાઝીંઝુડા, ભઠી ઉપરથી નાસી જનાર બે અજાણ્યા શખ્સો,મારૂતિ સ્વીફ્ટ કારનો માલિક તથા દેશી દારૂ લેનાર અને તપાસમાં ખુલે તે તમામ સામે એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડમાંથી મોબાઈલ ચોરાયો

અમરેલી, સાવરકુંડલા માર્કેટયાર્ડમાં મુકેશભાઈ બાબુભાઈ ઝીંઝુવાડીયા કામ ઉપર હતા.ત્યારે પોતાનો વીવો કંપનીનો મોબાઈલ રૂા.૨૨,૦૦૦ ની કિંમતનો શીંગની ગુણી ઉપર મુકેલ.જે કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદના વડલીમાં સાળાની હત્યા કરનાર આરોપી ઝડપાયો

### પોલિસે હેમાળ ગામેથી આરોપીને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) જાફરાબાદ તાલુકાના વડલીમાં પ્રેમલગ્ન કર્યા બાદ પત્નિ પિતાના ઘરે આવી જતા આરોપી રમેશ દાદભાઈ બાંભણીયા હેરાન પરેશાન કરતા હોય. જેના કારણે તેમની પત્નિ દયાબેન વડલી પિતાના ઘરે આવી જતા જે મનદુઃખ રાખી સાળા પ્રવિણભાઈ જીલુભાઈ સોલંકી ગામમાં દુધ લેવા જતા રમેશે જોરથી પેટના ભાગે પાટું મારી લાકડા વડે પેટના ભાગે મુંઢમાર મારી જીવલેણ હુમલો કરતા પ્રવિણભાઈનું મોત નિપજતા મામલો હત્યામાં પલટાયો હતો. નાગેશ્રીના પી. એસ. આઈ.આર.જી.ચૌહાણે આરોપી રમેશ દાદભાઈ બાંભણીયાને હેમાળ ગામેથી ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામુ હોવા છતાં પણ

# જાફરાબાદ, ધારી અને કુંડલા સહિત ચાર સ્થળોએ હથિયાબંધી જાહેરનામાનો ભંગ કરતા ગુના નોંધાયા

### અલગ અલગ પોલીસ મથકોમાં જાહેરનામા ભંગના ગુના દાખલ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)અમરેલી જીલ્લામાં અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરતા જાફરાબાદમાં ભાકોદરના બુધા ઉર્ફે મંગા ખીમાભાઈ બારૈયા, ધારીમાં નરેશ ગોવિંદભાઈ ચૌહાણ, સાવરકુંડલાના વિજપડીના મહુવા તાલુકાના કરલા ગામના અરવિંદ કાબાભાઈ ચૌહાણ, સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામે ઘનશ્યામ રવજીભાઈ ઉનાવા, સાવરકુંડલાના ગીરધરવાવ પાસે મહેશ ઉર્ફે કાળુ નરશીભાઈ રાઠોડ સામે હથિયાર જાહેરનામાનો ભંગ કરતા પોલિસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## અમરેલી બહારપરામાં મોટાભાઈ ઉપર નાના ભાઈએ હુમલો કર્યો

અમરેલી, અમરેલી બહારપરા મંદિર પાસે જુની નિશાળ નજીક ભાવેશભાઈ મનસુખભાઈ અદગામા ઉ.વ.૨૭નો નાનો ભાઈ સાગર મનસુખભાઈ અદગામા ઘર પાસે આવેલ અને પિતા મનસુખભાઈને ગાળો બોલતા ભાવેશભાઈએ ગાળો નહી બોલવા અને તેના ઘરે રહેવા કહેલ.જેથી ઉશ્કેરાઈ જઈ ઝગડો કરતા ઝગડો કરવાની ના પાડતા નજીકમાંથી પ્લાસ્ટિકનો પાઈપ લઈ આવી ભાવેશભાઈને કપાળ ઉપર ડાબી આંખના નેણ પાસે મારમારી ઈજા કર્યાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દામનગર લુહાર શેરીમાં બે બાઈક સામસામે અથડાતા પ્રૌઢને ઈજા

### બાઈક સાથે ભટકાવી દઈ જમણા પગે પોચા અને આંગળીમાં ઈજા કરી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) દામનગર લુહાર શેરી વ્હોરા સમાજની મસ્જિદ પાસે ઈલીયાસભાઈ અબ્દુલભાઈ ડેરૈયા ઉ.વ.૪૬ રહે.ઢસાવાળા દામનગર લુહાર શેરીમાં પોતાનું બાઈક લઈને જતા હતા.તે દરમ્યાન બુલેટ જી.જે.૩૧ ઈ.૫૬૦૧ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવી જમણા પગના પોચાના ભાગે તથા આંગળીઓમાં ગંભીર ઈજા કરી નાસી ગયાની દામનગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## બગસરાનાં છેતરપીંડી વિશ્વાસઘાતનાં ગુનામાં નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ઝડપી લીધો

### એલસીબીની ટીમે ઝડપી લઈ બગસરા પોલીસને સોંપ્યો

અમરેલી,ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જીલ્લામાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય.જેઅન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે બગસરા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯ ૩૦૦૯૨૪૦૦૫૯/ ૨૦૨૪, ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના કામના મહિલા આરોપી કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા ૦૮ માસથી નાસતા ફરતા હોય, લાલશાહીના લીસ્ટેડ મહિલા આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે આરોપી સંગીતાબેન વિષ્ણુભાઈ ચાવડા, ઉ.વ.૩૧, રહે.ભરૂચ, ૫૩૪ ભીડભંજનનગર, મોહમદપુરા મુખ્યરોડ, તા.જિ.ભરૂચ, હાલ રહે.પોરબંદર, ભીખનગર, સતીમાના મંદીર, બોખીરા, તા. જિ.પોરબંદરને પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ બગસશ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૯૨૦ થી ૧૫૨૮ મગફળી ૮૪૦ થી ૧૧૯૬

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૭૯૦-૧૦૬૬
શિંગમોટી-૮૪૦-૧૧૯૬
શીંગફાડા-૧૧૦૦-૧૩૬૦
તલસફેદ-૧૮૭૫-૩૧૪૫
તલકાળા-૨૧૦૦-૪૪૦૦
જુવાર-૪૦૦-૭૯૦
ઘઉંટુકડા-૫૭૦-૭૦૩
ઘઉંલોકવન-૫૬૯-૬૮૫
ચણા-૮૦૦-૧૩૯૦
કપાસ-૯૨૦-૧૫૨૮
ધાણા-૧૦૦૦-૧૩૭૫
સોયાબીન-૬૫૦-૮૨૭
અડદ-૭૦૦-૧૬૯૫
મેથી-૮૦૦-૧૧૭૦
મરચાલાંબા-૭૧૦-૨૬૦૦
જીરૂ-૩૬૭૫-૪૪૭૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૨૦
રીંગણા-૪૦૦-૬૦૦
કોબીઝ-૩૦૦-૪૦૦
ટમેટાં-૬૫૦-૭૦૦
સુરણ-૮૦૦-૯૦૦
ફોદીનો-૫૦૦-૭૦૦
ગાજર-૮૦૦-૯૦૦
ગલકા-૬૦૦-૭૦૦
કાકડી-૩૦૦-૬૦૦
ગુવાર-૬૦૦-૧૦૦૦
દુધી-૧૦૦-૨૨૦
તુરીયા-૬૦૦-૯૦૦
ભીડો-૫૦૦-૬૦૦
આદુ-૭૫૦-૮૫૦
કોથમીર-૫૦૦-૭૦૦
મેથીભાજી-૭૦૦-૮૦૦
ટીંડોરા-૩૦૦-૪૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૬૦૦-૧૨૦૦
મુળા-૨૦૦-૩૦૦
લીંબુ-૫૦૦-૬૦૦
પાલક-૪૦૦-૫૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૫૦-૬૯૦
સોયાબીન-૭૮૨-૮૩૫
ઘઉં-૫૪૦-૭૨૫
જુવાર-૪૮૧-૮૩૮
કપાસ-૧૪૦૦-૧૫૦૦
તલસફેદ-૧૯૫૦-૨૪૦૧
અડદ-૧૧૦૦-૧૫૦૦
મગ-૨૭૬૧-૨૮૮૧
શીંગ-૯૪૦-૧૦૮૫
ચણા-૧૦૦૧-૧૫૪૫

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૭૧-૮૦૧
ડુંગળીલાલ-૧૫૦-૭૯૧
તલસફેદ-૧૮૦૦-૨૬૫૦
અડદ-૭૦૯-૧૮૫૧
સોયાબીન-૭૮૬-૮૮૮
શીંગ ૬૬-૧૦૦૦-૧૧૧૫
ડુંગળીસફેદ-૨૧૨-૧૧૦૧
જીરૂ-૪૬૧૦-૪૬૧૦
બાજરી-૪૫૦-૬૫૯
જુવાર-૪૪૮-૮૮૮
નાળીયેર-૪૯૫-૨૨૩૫

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૫૦-૧૫૪૦
ઘઉં-૫૧૮-૫૯૨
મગફળી-૧૨૨૫-૧૩૮૦
જીરૂ-૪૦૪૦-૪૫૦૦
અડદ-૧૧૮૦-૧૪૦૦
તલસફેદ-૨૦૩૫-૨૫૦૫
સોયાબીન-૭૫૯-૮૦૧
કપાસકોડી-૧૨૨૫-૧૩૮૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૧૫-૧૪૮૬
ચણા-૮૮૫-૧૨૨૦
મગફળી-૬૫૧-૧૧૪૫
અડદ-૧૦૭૦-૧૫૫૦
તલ-૨૦૫૦-૨૦૫૦
સોયાબીન-૫૦૫-૭૯૧

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૫૦-૧૦૫૧
શીંગમોટી-૧૧૦૦-૧૨૧૧
અડદ-૧૦૦૦-૧૭૦૦
તલસફેદ-૨૦૦૦-૨૬૮૦
કપાસ-૧૪૦૦-૧૫૨૦
ઘઉંલોકવન-૫૫૦-૬૩૬
જીરૂ-૪૦૦૦-૪૪૫૧
ઘઉંટુકડા-૫૨૫-૬૪૦
ચણા-૧૨૫૦-૧૫૮૦
સોયાબીન-૭૩૦-૮૩૪
બાજરો-૫૦૦-૬૩૭

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૧૧-૧૪૭૬
મગફળી-૯૭૫-૧૧૫૫

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૩૨૮-૧૫૨૧

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૦૦-૧૫૪૮
અડદ-૮૦૦-૧૧૬૫
મગફળી-૫૦૦-૧૦૫૦
જીરૂ-૪૧૩૦-૪૧૩૦
સોયાબીન-૫૩૦-૭૯૦
ઘઉં-૫૫૦-૬૪૨
લસણ-૩૬૦૦-૩૬૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-
દાડમ-
મુસંબી-
સંતરા-
કીવી-
ડ્રેગન ફ્રુટ-
અનાનસ-
જામફળ-
કેળા-
પોંપૈયા-
સીતાફળ-
સફરજન કાશ્મીર-

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૩૧.૪
ન્યુનતમ તાપમાન -૧૭.૦
ભેજનું પ્રમાણ -૫૬
પવનની ગતિ સરેરાશ -૩.૫

### અખિલ ભારતીય રાષ્ટ્રિય મહાસંઘ અમરેલી દ્વારા

# અમરેલીમાં બિરસામુંડાની ૧૫૦ મી જયંતિ ઉજવાઇ

## શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલી ખાતે શ્રી મનિષ સિધ્ધપરા અને શ્રી દિપક વઘાસીયાના માર્ગદર્શન નીચે ઉજવણી



અમરેલી,

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષીકમહાસંઘઅમરેલીદ્વારાઆજરોજ તારીખ ૨૩-૧૧-૨૦૨૪નેશનિવાર ના રોજ સાંજે ૬ કલાકે ભગવાન બિરસા મુંડા ની ૧૫૦ મી જન્મ જયંતિ ની ઉજવણી શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે કરવામાં આવી હતી. આ તકે જીલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.બી. ગોહિલ મુખ્ય મહેમાન તરીકે રહ્યા હતા.મુખ્ય વક્તા તરીકે અમરેલી કોમર્સ કોલેજ ના પ્રો.જે.એમ. તળાવિયા એ સુંદર રીતે વિષય ને ખૂજબ સરળ શૈલી મા રજૂ કર્યો હતો.

અતિથિ વિશેષ તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ના નગર કાર્યવાહક જયદીપ ભાઈ દવે અને સહ કાર્યવાહક રવિભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.અમરેલી જિલ્લા ભાજપ ના કોષાધ્યક્ષ અને સંઘ પરિવાર ના દીપક ભાઈ વઘાસિયા એ સુંદર વ્યવસ્થાઓ પૂરી પાડી હતી. વિશેષ મા માધ્યમિક સંવર્ગ ના અધ્યક્ષ ભરત ભાઈ મકવાણા -ઉ.મા.સંવર્ગનામહામંત્રીચિરાગભાઈ ત્રિવેદી - સરકારી સંવર્ગ ના પ્રાંત મંત્રી નીરવ ભાઈ કારીયા - ભરત ભાઈ મેતર - પ્રાથમિક સંવર્ગ માથી નગર પાલિકા સંચાલિત શાળા ઓના અધ્યક્ષ શ્રી મુકેશ ભાઈ નાકરણી - મહામંત્રી શ્રી ભ્રમિત સિંહ ચૌહાણ - અશ્વિન ભાઈ ચાવડા - અંજના બેન ટીંબડીયા - કુલદીપ ભાઈ દેવ મુરારી સહિત ના હોદેદારો હાજર રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ઉ. મા.સંવર્ગ ના જીલ્લા અધ્યક્ષ અને પ્રાંત સંગઠન મંત્રી શ્રી મનીષ ભાઈ સિદ્ધપુરા એ કર્યું હતું.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## રાજકોટના ન્યુઝ રિપોર્ટર અને એન્કર શ્રી આકાંક્ષા ગોંડલીયાનો આજે જન્મદિન

### આકાંક્ષાના જન્મદિને શુભકામનાઓનો ધોધ



રાજકોટ,

રાજકોટના વોઈસ ઓફ ડે ન્યુઝના રિપોર્ટર અને એન્કર તરીકે ફરજ બજાવતાં આકાંક્ષાબેન ગાંડલીયાનો આજે જન્મદિવસ છે. સમગ્ર વાણંદ સમાજનું ગૌરવ વધારનાર આકાંક્ષા ગોંડલીયાના જન્મદિને શુભકામનાઓનો ધોધ વહેતો થયો છે.

## ઉનામાં શિક્ષણ સહકાયકની ભરતીમાં વધારો કરો

ઉના,

રાજ્યસરકારદ્વારાવર્ષ-૨૦૨૩માંTAT(S) અને TAT (HS)ની વિ-સ્તરીય પરીક્ષા લેવાયેલ હતી. જેમાં કુલ ૩૯,૭૩૦ જેટલા ઉમેદવારો પાસ થયેલ છે. રાજ્યમાં સરકારી અનેગ્રાન્ટઈનએઈડમાધ્યમિકઅનેઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજિત શિક્ષણ સહાયકોની ૧૫૦૦૦ કરતાં વધુ જગ્યાઓ ખાલીછે,તેમજ ૩૧/૧૦/૨૦૨૪સુધીમાંઘણા શિક્ષણ સહાયકો નિવૃત્ત થનાર છે. તેની સામે માત્ર ૭૫૦૦ શિક્ષણ સહાયકોની ભરતી કરવાના રાજ્ય સરકારના નિર્ણયથી લાખો ઉમેદવારોનેઅન્યાયથાયતેમછે.તોઅંદાજિત ૫૭૦૦ જુના શિક્ષકો અને ૧૨૦૦ જેટલા આચાર્યોનીભરતીપ્રક્રિયાપૂર્ણથયાબાદતેમની ખાલીપડેલીઅંદાજિત ૬૯૦૦જેટલીજગ્યા ઓને જગ્યાઓને ચાલુ ભરતીમાં સમાવિષ્ટ કરવામાંઆવેતોઘણાંઉમેદવારોનેલાભમળી શકેએમછેતોઆપશ્રીનેરજૂઆતકરીએછીએ તથા રોસ્ટર પ્રમાણે મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી હોવાથી રાજ્યના શિક્ષણ ઉપર પણ ગંભીર અસરો થઈ શકે છે. તો આપશ્રી આ બાબત ધ્યાને લઈ શિક્ષણ વિભાગને ૭૫૦૦ શિક્ષણ સહાયકની ભરતીમાં વધારો કરવા સુચન કરશોતોઅમારાજેવાઘણાંઉમેદવારોને ન્યાય મળશે.

## મહારાષ્ટ્ર વિધાનસભામાં ભાજપનો વિજય થતા બગસરા શહેર ભાજપ દ્વારા મોં મીઠા કરાવાયા

### ભાજપના આગેવાનો અને કાર્યકરોએ મોં મીઠા કરી વિજયોત્સવ મનાવ્યો



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

મહારાષ્ટ્ર માં ભારતીય જનતા પાર્ટી નો જ્વલંત વિજય થતા બગસરા શહેર ભાજપ પ્રમુખ શ્રી ધીરુભાઈ કોટડીયા મહામંત્રી શ્રી ભાવેશ અમૃતલાલ મસરાણી તથા મહામંત્રી શ્રી અશોકભાઈ પંડ્યા તાલુકા મહામંત્રી શ્રી ખોડાભાઈ સાવલિયા નિલેશભાઈ દેશાણી, ભરતભાઈ માંડલિયા, જયેશભાઈ પંડ્યા,સુરેન્દ્રભાઈ બસિયા,સંજયભાઈ પરમાર,નટુભાઈ કુબાવત,ચિરાગ પરમાર,નિતેશ હિંગુ, વગેરે કાર્યકર્તા હાજર રહ્યા અને ફટાકડા ફોડી સ્પે.મીઠાઈ ખવડાવી મોઢા મીઠા કરાવ્યા.

### ઇન્ડિયા સીંગીંગ કોન્ટેસ્ટ યોજાતા

## ગુજરાત પીપાવાવ પોર્ટ લી. ના લીગલ મેનેજર શ્રી દેવેન્દ્ર પંડયાએ ઓનલાઇન સ્પર્ધામાં ભાગ લઇ ગૌરવ વધાર્યુ

### ઇન્ડિયા સીંગીંગ કોન્ટેસ્ટમાં પ્રમાણપત્ર મેળવી પીપાવાવ પોર્ટનું નામ રોશન કર્યુ



રાજુલા, (કનુભાઈ વરૂ)

ગુજરાત પીપાવાવ પોર્ટ માં લીગલ મેનેજર તરીકે ની ૨૬ વર્ષ થી પુરી નિષ્ઠા પૂર્વક ફરજ બજાવતા શ્રી. દેવેન્દ્ર ભાઈ પંડ્યાએ ઓક્ટોબર માં ભારત સરકાર દ્વારા પ્રમાણીતઅનેઆઈ.એસ.ઓ.દ્વારાપ્રમાણીત એવી ઈન્ડિયા સીંગીંગ કોન્ટેસટ માં ઓનલાઈન સ્પર્ધા માં ભાગ લઈ સફળતાના શિખર સર કરેલ છે જે બદલ ઈન્ડિયા સીંગીંગ કોન્ટેસટ તરફથી ખુબ ખુબ શુભેચ્છાઓ સહ સર્ટિફિકેટ પ્રાપ્ત કરેલ છે.દેવેન્દ્ર પંડ્યાને સંગીત અને ગાયન નો ખુબ જ શોખ છે અને તેમણે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ ટ્રોફીઓ હાંસલ કરી છે દેવેન્દ્ર પંડ્યા ની આ સફળતા તેમના સંગીત પ્રત્યેના સમર્પણ અને મહેનત ને ઉજાગર કરે છે. આ પ્રસંગે શ્રી.તથા રાજુલા માં રહેતા કવિ શ્રી હેમાળવી શ્રી. શશીભાઈ રાજયગુરૂ સમસ્ત બ્રહ્મસમાજ ના બ્રહ્મ સમાજના પ્રમુખ ભાનુભાઈ રાજગોર પત્રકાર શ્રી કનુભાઈ વરુ તથા સિક્યુરિટી ના શ્રી હનુભાઈ ખુમાણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયંતીભાઈ જાની તથા સામાજિક કાર્યકર ઘનશ્યામ મશરૂ તથા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા અને માજી નગરપાલિકાના પ્રમુખ શ્રી. ચિરાગભાઈ જોશી શ્રી. ધર્મેન્દ્ર ભાઈ જોશી તથા પ્રફુલ ભાઈ રાજ્ય ગુરૂ સર્વ સમાજ નો હોદો ધરાવતા શ્રી. નાગરિક બેંકના પૂર્વ ઉપપ્રમુખ દિલીપભાઈ જોશી,, તથા સોસીયલ મિડીયા પર ના સંગીત પ્રેમીઓએ પણ સંગીત ક્ષેત્ર માં મળેલી આ સફળતા પર દેવેન્દ્ર પંડ્યા ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાના રાજકોટ શહેર પ્રમુખ તરીકે શ્રી ઉલ્લાસબા જાડેજા

### શ્રી ઉલ્લાસબાની વરણીને સાવર્ત્રિક આવકાર



રાજકોટ,

રાજકોટ ના મહિલા ક્ષત્રિય અગ્રણી અને વિરાગના ઝાંસીની રાણી જેવો જોમ જુસ્સોધરાવતાઅનેઅનેકસામાજિકધાર્મિક રાજકીય સ્સથા સંગઠનો સાથે જોડાયેલા ગરાસીયા ક્ષત્રિય ના નારી શકિત શ્રી ઉલ્લાસબા જીતેન્દ્રસિંહ જાડેજા ને રાજશેખાવતજી ની રાષ્ટ્રીય રાજપૂત કરણી સૈનામારાજકોટ (સીટી) શહરપ્રમુખતરીકે નિમણૂક કરવામાં આવેલ તેથી રાષ્ટ્રીય રાજપૂતકરણીસૈનામાતથારાજપૂતક્ષત્રિય સમાજ માં દીવાળી દશેરા જેવો આનંદ નો માહોલઅનેઠેરઠેરમિઠાઈઓવહેંચીફટાકડા ફોડી આનંદ વ્યક્ત કરેલ અને ઉલ્લાસબા (જીતેન્દ્રસિંહ જાડેજા)ના મોબાઈલ નંબર, ૬૩૫૮૮૯૦૬૮૮ ,ઉપર અભિનંદન શુભેચ્છા નો ધોધ વહી રહ્યો છે અને આવતા દીવસોમાં રાજકોટ શહેર માથી અનેક નારીશક્તિ મહીલાઓ ને રાષ્ટ્રીય રાજપૂત કરણીસૈનામાજોઈટકરીમહિલાઓનુમોટુ સંગઠનબનાવશેતેમરાષ્ટ્રીયરાજપૂતકરણી સૈનાના ગુજરાતપ્રદેશ ઉપાધ્યક્ષ બોટાદના સામતભાઈ જેબલીયા ની યાદીમાં જણાવાયું છે.

## પાટણમાં નકલી ડોકટરે બાળકનો સોદો કર્યો

પાટણ,

પાટણમાં અનાથ બાળકને દત્તક લેવાના નામે નકલી ડોક્ટરે પરિવાર સાથે રૂ. ૧.૨૦ લાખની છેતરપિંડી કરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કોઈ અનાથ બાળકને દત્તક લેવા વિચારતા નિસંતાન દંપતી માટે ચેતવા જેવો કિસ્સો છે. પાટણમાં અનાથ બાળકને દત્તક લેવાના નામે નકલી ડોક્ટરે પરિવાર સાથે રૂ. ૧.૨૦ લાખની છેતરપિંડી કરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ રમત ૫૧ રૂપિયાના ટોકનથી શરૂ થઈ હતી. જો કે બાળકને લીધાના થોડા દિવસો બાદ બાળકનું માથું અચાનક મોટું થઈ જતાં પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા અને તેઓ તેને હોસ્પિટલ લઈ ગયા ત્યારે જાણવા મળ્યું કે બાળક હાઈડ્રોસેફાલસથી પીડિત છે.

### રાજુલાના રાજગોર અગ્રણી શ્રી ભાનુભાઇના ધર્મપત્ની મુકતાબેનની પુણ્યતિથી નિમિતે

## રાજુલામાં આજે સંગીતમય શૈલીથી સુંદરકાંડના પાઠ

### વાંકુનીધાર પંચમુખી હનુમાન મંદિરના લઘુમહંત શ્રી કરુણા નિધિદાસબાપુ દ્વારા પાઠ કરાશે



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા માં રાજગોર અગ્રણી પ્રમુખ સેવા ભાવી કાર્ય કરે એવા ભાનુ ભાઈ રાજગોર ના સ્વ ધર્મ પત્ની મુક્તાબેન દવેના પ્રથમ પૂર્ણ નિમિત્તે તારીખ ૨૬ ના રાત્રિના શ્રી સુંદરકાંડ ના પાઠ શ્રી કરુણાનિધિદાન દાસ બાપુ ગુરુ રામદાસ બાપુ હનુમાન આશ્રમ વાંકુ ની ધાર દ્વારા રાત્રિના નવ કલાકે સંગીત સેલીમાં પાઠ કરશે તો ભકતો જ નોએ બોહોળી સંખ્યામાં સુંદરકાંડ ના પાઠ નો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

તેમજ તારીખ ૨૭ ૧૧ ના રોજ બપોરના શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ વાડી મુક્તાનંદ માર્ગ મહેતા શોક રાજુલામાં ૧૧ ૩૦ કલાકે મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે તો ઉપસ્થિત રહેવા શ્રી ભાનુભાઈ પી રાજગોર તથા દવે પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## નેપાળના કાઠમંડુમાં ધ્યાન શિબીર યોજાઇ

### શ્રી શિવકૃપાનંદ સ્વામીની ઉપસ્થિતિમાં સંસદસભ્યોએ શિબિરમાં ભાગ લીધો



ચલાલા,શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની ઉપસ્થિતિમાં નેપાળના સંસદસભ્યો માટે કાઠમંડુમાં ધ્યાનશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.શિબિરમાં સાંસદો સાથે ઉચ્ચસ્તરીય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.'મારાશરીરનોજન્મભલેનાગપુરમાંથયોહોય પણમારોબીજોજન્મનેપાળમાંથયોહતો.'-સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી'યોગ એ એકમાત્ર રસ્તો છે જે માનવને માનવ સાથે જોડે છે.' - સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી 'હિમાલયીન સમર્પણ ધ્યાનયોગ'ના પ્રણેતા અને સમગ્ર વિશ્વમાં સમગ્ર યોગનો પ્રસાર કરનારા સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી હાલ નેપાળના પ્રવાસે છે. પૂજ્યસ્વામીજીની પવિત્ર ઉપસ્થિતિમાં ૨૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ પોલીસ હેડક્વાર્ટર, કાઠમંડુ ખાતે નેપાળના સંસદસભ્યો માટે 'હિમાલયીન સમર્પણ ધ્યાનયોગ' શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સભાગૃહમાં પૂજ્ય ગુરુમા અને પૂજ્ય સ્વામીજીના આગમન બાદ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. ગુરુ આવાહન પછી પૂજ્ય સ્વામીજીના પાવન પ્રવચનનો પ્રારંભ ચૈતન્યપૂર્ણ વાતાવરણમાં થયો. કાર્યક્રમની શરૂઆતમાં પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું, 'સૌપ્રથમ તો હું નેપાળની સરકારનો આ કાર્યક્રમનું આયોજન કરવામાં મદદ કરવા બદલ આભાર વ્યક્ત કરવા માંગું છું.' પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે તમે જોયું જ હશે કે ગયા વર્ષે ભારતમાં ઘણી ૮-૨૦ કોન્ફરન્સ યોજાઈ હતી અને બહુ બધી કોન્ફરન્સમાં બધી જગ્યાએ એક જ સૂત્ર લખવામાં આવ્યું હતું - 'વસુધૈવ કુટુમ્બકમ્.' હિન્દુ સંસ્કૃતિમાં આ સૂત્રવાક્યનું ઘણું મહત્ત્વ છે. પરંતુ જો કોઈ વિદેશી આવીને પૂછે કે આ કેવી રીતે શક્ય છે? તો શું આપણી પાસે આનો જવાબ છે? આખી દુનિયામાં સ્વીકાર્ય હોય એવી કોઈ પૂજાપદ્ધતિ, શાસ્ત્ર, ભાષા નથી. તો એવો કયો માર્ગ છે જેના દ્વારા 'વસુધૈવ કુટુંબકમ્'નું આ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય? વસુધૈવ કુટુંબકમ્ એટલે સમગ્ર વિશ્વ એક પરિવાર છે, બધા સમાન છે. 'વસુધૈવ કુટુમ્બકમ્'ની આપણા પૂર્વજોની કલ્પના ખાલી કલ્પના નહોતી. તેમણે આપેલ 'વસુધૈવ કુટુંબકમ્'નો વિચાર યોગ પર આધારિત હતો. છેલ્લાં ૩૦ વર્ષથી દુનિયાભરમાં ફર્યા પછી મને સમજાયું છે કે યોગ જ એકમાત્ર એવું માધ્યમ છે જેના દ્વારા માનવ માનવ સાથે જોડાય છે. તેથી જ આજે ૭૨ દેશોના લોકો તેની સાથે જોડાયેલા છે. યોગાસન અને યોગ વચ્ચેનો તફાવત સમજાવતાં પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે યોગાસનનો સંબંધ શરીર સાથે છે, જ્યારે યોગનો સંબંધ 'આત્મા' સાથે છે. યોગાસન એ યોગ નથી, યોગાસનના નામે યોગનો ખોટો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. નેપાળ વિશે વાત કરતાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે અહીં કોઈને ધ્યાન કરવામાં રસ નથી, અહીં કોઈને યોગમાં રસ નથી, જ્યારે કે અહીંથી જ યોગ શીખીને મેં તેને આખી દુનિયામાં ફેલાવ્યો. જેમ બ્રાહ્મણ અને પક્ષીના બે જન્મ હોય છે. બરાબર આ રીતે, મારા શરીરનો જન્મ ભલે નાગપુરમાં થયો હોય પણ મારો બીજો જન્મ નેપાળમાં થયો હતો. તેથી જ હું નેપાળવાસી જ છું. આ જ્ઞાન ૭૨ દેશો સુધી પહોંચ્યું છે, પરંતુ અહીંના લોકો તેનાથી અજાણ છે. ચિત્તના મહત્ત્વને સમજાવતાં પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે ડોકટરો દરરોજ હજારો દર્દીઓ પર ચિત્ત રાખે છે. આનાથી ડોક્ટરોનું ચિત્ત કેટલું નબળું પડે છે. એટલા માટે ડોક્ટરોએ ધ્યાન કરવું જોઈએ. આ ઉપરાંત પૂજ્ય સ્વામીજીએ પુણ્યાત્મા અવતરણ, આકાશતત્ત્વ અને પૃથ્વીતત્ત્વનું મહત્ત્વ વગેરે વિષયો પર પણ બહુમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું. પ્રવચનની સમાપ્તિ પછી ઉપસ્થિત તમામ શિબિરાર્થીઓને પૂજ્ય સ્વામીજીના પાવન સાંનિધ્યમાં ધ્યાન કરવાનો અવસર મળ્યો. ધ્યાનસત્ર બાદ પૂજ્ય સ્વામીજીએ નેપાળની સર્વાંગી પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. કાર્યક્રમના સમાપનમાં પૂજ્ય સ્વામીજીનું સાંસદ શ્રી દામોદર પૌડેલ બૈરાગીજી અને અન્ય મહાનુભાવો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું અને વૈશ્વિક શાંતિ અને માનવતાના ક્ષેત્રમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ પૂજ્ય સ્વામીજીને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ શિબિરનું 'ગુરુતત્ત્વ' યુટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ભારત અને વિદેશના અનેક સાધકોએ પણ આ જીવંત પ્રસારણનો લાભ લીધો હતો. સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી છેલ્લાં ૩૦ વર્ષથી સમાજમાં ધ્યાનસંસ્કારના અભ્યાસને પ્રોત્સાહન આપવા માટે અથાક પ્રયાસ કરી રહ્યા છે. તેઓ આ જ્ઞાનને નિઃશુલ્ક વહેંચી રહ્યા છે. લોકોને એમના આત્માનું જ્ઞાન આપીને પરમાત્મા તરફ લઈ જનાર આ ધ્યાનસંસ્કાર આજના સમયની માંગ છે. વિશ્વના ૭૨ થી વધુ દેશોમાં આ ધ્યાનસંસ્કાર બિલકુલ નિઃશુલ્ક ઉપલબ્ધ છે.તેમ કોકીલાબેન કાકડીયાએ જણાવ્યું છે.

### ઝિક્સા સ્ટ્રોંગની હદયસ્પર્શી 'રેન્ડમ એક્ટ્સ ફ રિલીફ' ઝુંબેશ

## અદાણી અમદાવાદ મેરેથોનના પેઇન રિલીફ પાર્ટનર તરીકે ઝિક્સા સ્ટ્રોંગનો ગુજરાતમાં પ્રવેશ

અમદાવાદ, (રાજેશ મહેતા)

ઝિક્સા સ્ટ્રોંગ જેનબર્કટ ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ વેલનેસ ડિવિઝનની પેઈન રિલીફ બ્રાન્ડ છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લીસ્ટેડ ૩૯ વર્ષ જૂન મુંબઈમાં હેડ ઓફિસ ધરાવતી, જેનબર્કર્ટ ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડના વેલનેસ ડિવિઝને ગુજરાતમાં પ્રવેશ કર્યો છે. જેનબર્કર્ટની પેઈન રિલીફ બ્રાન્ડ ઝિક્સા સ્ટ્રોંગ અદાણી અમદાવાદ મેરેથોન ૨૦૨૪ની પેઈન રીલીફ એન્ડ રિકવરી પાર્ટનર રહી હતી. ગ્રાઉન્ડ ઉપર આવેલા ઝિક્સા સ્ટ્રોંગના ૩૨૦૦ સ્કે.ફિટ જેટલા વિશાળ સ્ટોલમાં રિકવરી સર્વિસીસ ઓફર કરવામાં આવી હતી, જેનો મહત્તમ લોકોએ લાભ લીધો હતો.સમગ્ર ભારતમાં અગ્રણી ફિઝિયોથેરાપિસ્ટ દ્વારા સમર્થિત, ઝિક્સા સ્ટ્રોંગ એ પ્રથમ અને એકમાત્ર પીડા રાહત શ્રેણી છે જે પીડા રાહત વિજ્ઞાનમાં એક નવો યુગ લાવતી ફ્લેશ માઈસીલ (Flash Micelle) ફાસ્ટ એબ્સોર્પ્શન ટેક્નોલોજીનો સફળતાપૂર્વક ઉપયોગ કરે છે. જેનબર્કટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી આશિષ યુ ભુતાએ, જણાવ્યું હતું કે ' ઝિક્સા સ્ટ્રોંગ વિજ્ઞાન અને નવીનતા દ્વારા વધુ સારી રીતે પીડા રાહત માટેની અમારી સંસ્થાની પ્રતિબદ્ધતાને રજૂ કરે છે. અમારી ક્રાંતિકારી ફ્લેશ માઈસીલ (Flash Micelle) ટેક્નોલોજી સાથે, અમે પ્રાકૃતિક પીડા રાહતમાં એક પ્રગતિ કરી છે જે પરંપરાગત ઉકેલો કરતાં વધુ ઝડપી અને વધુ અસરકારક રીતે કામ કરે છે. ગુજરાતમાં અમારું મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R D) સેન્ટર છે. આજે અમે ગુજરાતમાં આ પ્રોડક્ટને લોન્ચ કરવા સાથે આ અદ્યતન પીડા રાહત ઉકેલો ગુજરાતમાં લાવવામાં ગર્વ અનુભવીએ છીએ. પીડા વ્યવસ્થાપન માટેના અમારા નવીન, કુદરતી અભિગમનો પ્રતિસાદ જબરજસ્ત રહ્યો છે, જે દર્શાવે છે કે ગ્રાહકો વધુ સ્માર્ટ, વધુ અસરકારક ઉકેલો માટે તૈયાર છે, તેમ શ્રી ભુતાએ ઉમેર્યુ હતું'તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ઝિક્સા સ્ટ્રોંગ બ્રાન્ડની ગુજરાતની સફર અમદાવાદ અને સુરતના ફાર્મસી નેટવર્કમાં ઉપલબ્ધતા સાથે શરૂ થાય છે અને સમગ્ર રાજ્યમાં વિસ્તરણ પામે છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### સોમનાથ ચિંતન શિબિરમાં નગરસેવકોની બેઠક બોલાવી



ગીર સોમનાથ,ચિંતન સિબીર ના ત્રીજા દિવસે જિલ્લા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પીઠિયાની અધ્યક્ષતામાં વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા ના નગરસેવકો ની મિટિંગ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે સોમનાથ સર્કિટ હાઉસ ખાતે યોજાય હતી. જેમાં પાલિકાના પ્રમુખ પલ્લવીબેન જાની, કારોબારી ચેરમેન ચંદ્રિકાબેન રજેશભાઈ સિકોતરીયા , બાંધકામશાખા ના ચેરમેન શ્રી દિક્ષિતાબેન અંકુરભાઈ અઢિયા, પૂર્વપ્રમખુશ્રી પિયુષભાઈ ફોફંડી, સહિતના લોકો સાથે વિકાસના કામો વિશે મુખ્યમંત્રીસાથે ચર્ચા કરાય.દિક્ષિતાબેન અઢિયા દ્વારા વેરાવળ નમસ્તે થી શંખસર્કલ સુધી બનવા જનાર ૪-લેન રોડના કામ માટે વધારાની રકમ માટે વિશેષ માંગણી ને મુખ્યમંત્રી સ્વીકારી ફાળવી આપવા ખાત્રી આપી અને શહેરને સ્વચ્છ બનાવવાવ વધુ માં વધુ ધ્યાન આપવવા ટકોર કરેલ. આ મીટિંગ માં બાદલભાઈ હુંબલ, પ્રતિનિધિ જયદેવભાઈ જાની, અંકુરભાઈ અઢિયા ,કિશનભાઈ જેઠવા, જયેશભાઈ કાળુભાઈ સહિતના આગેવાનો આ પણ શ્રી ભુપેન્દ્રભાઈ નું પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાળી સન્માન કરેલ.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

## મહુવામાં કાગબાપુની જયંતિ ઉજવાઇ

### કવિશ્રી કાગબાપુના પરિવારે ફુલહાર સાથે પુજન અર્ચન કર્યુ



મહુવા,

મહુવા શહેરના કાગબાપુ શોક મા કવિ શ્રી કાગબાપુની ૧૨૧મી જયંતી માં કાગબાપુના પરિવારે ફૂલહાર અને પૂજન કર્યું મહુવા શહેરમાં મધ્યભાગમાં આવેલા સુપ્રસિદ્ધ પદ્મશ્રી કવિ એવા દુલાભાયા કાગ શોક માં આજે સાંજના ૦૬:૦૦ વાગ્યે કાગ પરિવાર દ્વારા પૂજ્ય બાપુને પૂજન ફુલહાર અને પૂજન વિધિ કાગ પરિવાર દ્વારા કરવામાં આવેલી જેમાં જયદેવ બાબુભાઈ કાગ તથા હરદેવ વીરાભાઈ કાગ તથા દેવસુરભાઈ નાનાભાઈ કાગ તથા આશિષભાઈ રાત પરિવાર દ્વારા પૂજન ફુલહાર કર્યો હતો

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા

## વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીની સાથે એમઓયુ કરાયા

### કૃષિ શિક્ષણ અને સંશોધનમાં નવીનતાઓને આગળ વધારવા માટે આયોજન

જૂનાગઢ,

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ કૃષિ શિક્ષણ અને સંશોધનમાં નવીનતાઓને આગળ વધારવા માટે વેસ્ટર્ન સિડની યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયા સાથે તાજેતરમાં એમઓયુ પર હસ્તાક્ષર કર્યાછે.આ ભાગીદારીમાં કૃષિ, બાગાયત, કૃષિ ઈજનેરી જેવા વિષયોમાં ડ્યુઅલ બેચલર અને માસ્ટર પ્રોગ્રામ્સનો સમાવેશ થાય છે.આ એમઓયુ વિશે વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર જ્યોર્જ વિલિયમ્સે જણાવ્યું હતું કે અમે ભારતમાં કૃષિ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે સહયોગને વિસ્તારવા માટે ખૂબ જ પ્રતિબદ્ધ છીએ, જે શૈક્ષણિક શ્રેષ્ઠતાને આગળ વધારે છે અને કૃષિ પ્રગતિના જટિલ મુદ્દાઓનો સામનો કરવામાં આગામી પેઢીને નિષ્ણાંત બનાવે છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. ચોવટીયાએ જણાવ્યું કે, આ ભાગીદારી કૃષિ શિક્ષણ અને સંશોધનમાં નવીનતા અને શ્રેષ્ઠતા લાવતા વૈશ્વિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીની અતૂટ પ્રતિબદ્ધતાને દર્શાવે છે. નવેમ્બર ૧૧, ૨૦૨૪ના રોજ વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીના પ્રતિનિધિમંડળની ભારતની મુલાકાત દરમિયાન નવી દિલ્હી ખાતે આ એમઓયુ પર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી વતી સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસના ડીન ડો. માદરિયાએ ઉચ્ચ ડિગ્રી માટે અને કુલસચિવ ડો. ઘેલાણી દ્વારા આર્ટિક્યુલેશન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા. આ તકે ડો. કે.સી. પટેલ, નિયામક (આઈ.ટી.) એ આ એગ્રીમેન્ટના સંકલનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## ભુજ જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ

ભુજ,જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કચ્છ શ્રી અમિત અરોરાના સીધા માર્ગદર્શન હેઠળ હાલ સમગ્ર કચ્છ જિલ્લામાં SSR ૨૦૨૫ અને મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અમલમાં છે ત્યારે આ કાર્યક્રમનો વધુને વધુ પ્રચાર પ્રસાર થાય તેવા હેતુથી જિલ્લામાં SVEEP હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. જે યુવક-યુવતીઓ તા.૧/૧/૨૦૨૫ સુધી ૧૮ વર્ષ પૂર્ણ કરેલા હોય તેઓ મતદાર યાદીમાં નામ નોંધાવી શકે છે. તા.૨૮મી નવેમ્બર ૨૦૨૪ દરમિયાન પોતાનું નામ, ગામ કે શહેર મતદાર યાદીમાં નોંધાવી શકે છે.SVEEP હેઠળ આ તમામ બાબતોનો વધુને ને વધુ પ્રચાર અને પ્રસાર થાય તેવા હેતુસર જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ ઉપરાંત કોલેજોમાં રંગોળીઓ દોરીને તથા રેલી યોજીને વિદ્યાર્થીઓના માધ્યમથી ઘર ઘર સુધી SSR ૨૦૨૫ અને મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનો પ્રચાર પ્રસાર કરાયો હતો. દરેક તાલુકા મથકના મહત્વના જાહેર સ્થળો જેવા કે બસ સ્ટેન્ડ, મામલતદાર ઓફીસ, પ્રાંત ઓફીસ, બગીચાઓ જેવી જગ્યાઓ ઉપર મેગા રંગોળીઓ બનાવવામાં આવી હતી. ઉપરાંત, તમામ તાલુકા મથકોએ વિદ્યાર્થીઓ દ્વારા રેલીઓ યોજીને સમગ્ર જિલ્લામાં SVEEP હેઠળ ૫૦થી વધુ જગ્યાએ રેલીના માધ્યમથી જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. જિલ્લામાં SVEEP હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને સંકલન જિલ્લા SVEEP નોડલ અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સંજય પરમારના નેજા હેઠળ મદદનીશ નોડલ શ્રી શિવુભા ભાટી અને શ્રી જી.જી નાકર સાંભળી રહ્યા છે.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
હોટેલ હોલીડે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલકસ રૂમ રૂ.૧૧૯૯
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – દિવાળી ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૨૬-૧૧-૨૦૨૪ મંગળવાર

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon
રાજ ફેમીલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઈલાઈટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઈનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઈડ્રા, બ્રાઈડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એકસટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

### રાજકીય સામાજિક શ્રેષ્ઠીઓના ભવ્યાતિ ભવ્ય સન્માન સાથે

# મેંદરડામાં કાઠી ક્ષત્રિય સમાજ સમુહલગ્નોત્સવ યોજાયો

**સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા યોજીત ૧૭માં સમુહલગ્નોત્સવમાં ૧૨ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા : જ્ઞાતિના વિવિધ ક્ષેત્રના આગેવાનો, સંતો, મહંતોના આશિર્વચન**

**સમુહલગ્નોત્સવ નિમિતે સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા સંતો, મહંતો અને રાજકીય, બિનરાજકીય સમાજ શ્રેષ્ઠીઓ તથા અન્ય સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓને સન્માનિત કર્યા**




અમરેલી,

મેંદરડા ખાતે સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા ૧૭મો સમુહલગ્નોત્સવ યોજાયો હતો જેમાં ૧૨ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા હતાં. સમુહલગ્નમાં સૌ પ્રથમ લગ્ન મંડપમાં મંડપ મુર્હુત, જાન આગમન, હસ્ત મેળાપ, જાન વિદાય સહિતના વિવિધ કાર્યક્રમો શુભ ચોઘડીયે ગૌર મહારાજની ઉપસ્થિતિમાં વિધિવિધાન સાથે યોજવામાં આવ્યા હતાં. લગ્ન વિધી દરમિયાન સંતો મહંતો દ્વારા ૧૨ નવ યુગલોને આશિર્વચન પાઠવ્યા બાદ સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા ઉપસ્થિત સંતો મહંતો અને રાજકીય, બિન રાજકીય સમાજ શ્રેષ્ઠીઓ તથા અન્ય સમાજના શ્રેષ્ઠીઓ અને દાતાશ્રીઓનો સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સંતો, મહંતો અને વિવિધ આગેવાનો, દાતાશ્રીઓ અને સમાજ શ્રેષ્ઠીઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં અને સમગ્ર કાર્યક્રમ આયોજકોએ સફળ બનાવ્યો હતો.

### દેવકા વિદ્યાપીઠને જોડતા માર્ગને નવીનીકરણ કરવા રજુઆત થતા

## રાજુલાનાં ડુંગર રોડ માટે ૩૨ કરોડ મંજુર કરાયાં

**રૂપિયા ૩૨ કરોડનાં ખર્ચે નવીનીકરણ સાથે હવે રોડની શીકલ બદલાઇ જાશે**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા વિસ્તારના સૌથી મહત્વના રોડ એવા રાજુલા ડુંગર રોડને ૩૨.૫૦ કરોડ ની મતદાર રકમ ફાળવવામાં આવતા અને નવીનીકરણ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જાણવા મળતી વિગત મુજબ રાજુલા ના ધારાસભ્ય સોલંકી માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ તથા જિલ્લા પંચાયતના સદસ્ય વિક્રમભાઈ સાંખટશુકલ ભાઈ બલદાણીયા જિલ્લા પંચાયત સદસ્ય કરશનભાઈ ચૌહાણ ભરતભાઈ જોશી કુંભારિયાના સરપંચ સહિતના આગેવાનો દ્વારા ગુજરાત સરકારમાં રાજુલા ડુંગર રોડના નવીનીકરણ માટે માંગણી કરી હતી તેમજ આ વિસ્તારમાં પૂજ્ય રમેશભાઈ ઓઝા ના વતન દેવકા ખાતે વિદ્યાપીઠ પણ આવેલું ત્યારે શાળાઓના હિતમાં આ રોડના નવીનીકરણ માટે ગુજરાત સરકારમાં રૂબરૂ પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને અમરેલી જિલ્લા માટે સરકારશ્રી દ્વારા વિવિધ રસ્તાઓ પહોળા કરવાના કામોને મંજૂરી મળતા જેમાં રાજુલા ડુંગર રોડને આ ૧ ૨ં સ ના રસ્તાને હાલમાં જે ૫.૫૦ મીટર પહોળો રસ્તો છે તેને ૧૦ મીટર કરવાની કામગીરી સ્ટ્રકચર તેમજ વાઈડનીંગ અને રીકન્ટ્રકશનની કામગીરી રૂપિયા ૩૨.૫૦ કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવી હતી. પરિણામે ૧૦ જેટલા ગામોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. આ બાબતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ જણાવ્યું હતું કે મારા મતક્ષેત્ર રાજુલા વિધાનસભામાં રાજુલા ડુંગર રોડ કે જ્યાં ખાંભલીયા દેવકા જ્યાં પૂજ્ય રમેશભાઈ પ્રેરિત દેવકા વિદ્યાપીઠ આવેલું છે આ તાલુકાનું બીજા નંબરનું ડુંગર ગામ છે ડુંગર ગામને રાજુલા આવવા જવામાં મુશ્કેલી હતી કુંભારીયા સહિતના ગામોને જોડતા આ રોડને ગુજરાત સરકાર દ્વારા હાલના ૫.૫૦ મીટર પહોળા રસ્તાને ૧૦ મીટર પહોળો કરવા માટે રૂ.૩૨.૫૦ કરોડની મંજૂરી આપવા બદલ ગુજરાતના યશસ્વી મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી પટેલનો આભાન વ્યક્ત કર્યો હતો.

### ભક્ત કવી શ્રી દુલાભાયા કાગની ૧૨૧ની જન્મ જયંતિ નિમિતે

## રાજુલામાં પુષ્પહાર સાથે કાગબાપુને શ્રધ્ધાંજલી અર્પણ કરાઇ

**કાગબાપુની મુર્તિને ફુલહાર તથા પુજન સહિત કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી કરી**



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા તાલુકાના કાગધામ જેના ઉપરથી નામ પડ્યું છે એવા પદ્મા એવોર્ડ વિજેતા ભક્ત કવિ બાપુ શ્રી દુલાભાયા કાગ ની જન્મ જયંતી ૧૨૧ મી હોવાથી આજે મજાદર ખાતે તેમજ રાજુલા મહુવા પરમ પૂજ્ય એવા રાષ્ટ્રીય કવિ પદ્મભૂષણથી ભારત સરકારે રહેવાની ત્રણ જગ્યાએ મૂર્તિઓને ફુલહાર અને પૂજા વિધિ કરી જન્મ જયંતી ઉજવણી કરવામાં આવી હતી પરમ પૂજ્ય કાગબાપુ મજાદર ગામના હોવાથી આજે સમગ્ર ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને એ ખાસ કરીને કાગબાપુને યાદ કર્યા હતા તેમજ કાગધામ ખાતે દર વર્ષે કાગસોચના દિવસે કાગધામ ખાતે પરમ પૂજ્ય દેશ લેવલના કથાકાર પરમ પૂજ્ય દ્વારા કાગધામ ખાતે વિશિષ્ટ વ્યક્તિઓને એવોર્ડ અર્પણ નો કાર્યક્રમ તેમજ સંતવાણી નો કાર્યક્રમ અને બપોરના સાહિત્ય ગોસ્ટી કાર્યક્રમ યોજાય છે રાત્રિના સૌરાષ્ટ્ર ભરના ભજનીકો તેમજ કાગબાપુના શાહકો વગેરે ઉપસ્થિત રહેશે ત્યારે રાજુલામાં ટાવર નિશે કલાત્મક મૂર્તિ જે કાગબાપુની છે પૂજ્ય કાગબાપુની મૂર્તિને ફુલહાર અને પૂજન કરવામાં આવ્યું હતું જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા વિશ્વ હિન્દુ પરિષદના શ્રી યુવરાજભાઈ સાદુ તથા સાધુ સમાજના અગ્રણીએ શ્રી અશ્વિન દાણીધારીયા તેમજ કનુભાઈ વરુ પત્રકાર તેમજ દિનેશ ઠાકર માજી નગરપાલિકાના પ્રમુખ ચિરાગભાઈ જોશી નિવૃત્ત મીલેટરી મેન મનીષભાઈ પરમાર તથા રાકેશભાઈ જોશી વગેરે ઉપસ્થિત ૧૨૧મી જયંતિની ઉજવણી કરી હતી.

### અમરેલી જીલ્લામાં મકાનો ભાડે આપી પોલિસને જાણ ન કરતા

## અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા પંદર સામે ફરિયાદો દાખલ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલીના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી મકાનો ભાડે આપી પોલિસને જાણ ન કરતા જીલ્લામાં જુદા જુદા સ્થળે ૧૫ શખ્સો સામે ગુનો નોંધી પોલિસે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં અમરેલી બ્રાહમણ સોસાયટી, રામનગર શેરી નં. ૬ માં રોહિતભાઈ મનસુખભાઈ હદાણી, બાવચંદભાઈ બહાદુરભાઈ વાઘેલા રહે. ખારા, બગસરામાં રમેશભાઈ ભાણજીભાઈ ખદનપરા, સાવરકુંડલામાં હિતેશભાઈ ભીખુભાઈ રવૈયા, સાવરકુંડલા હાથસણી રોડ પાસે મુળ ખાલપરના નાથાભાઈ કુકાભાઈ મેર, સાવરકુંડલા હાથસણી રોડ પર આંખની હોસ્પિટલ સામે દેવુબેન બાલાભાઈ ચૌહાણ, સાવરકુંડલા બીડી કામદાર સોસાયટીમાં ઈમરાનભાઈ અલારખભાઈ જાદવ, બાબરા વેલનાથ સોસાયટીમાં બાબુભાઈ કનુભાઈ ધાધલ, ધારી તાલુકાના દલખાણીયા ગામે બાબુભાઈ જીવરાજભાઈ થોરીયા, ધારીના માલસિકા ગામે ધીરૂભાઈ પરષોતમભાઈ જાદવ, દામનગર સીતારામ નગરમાં હુસેનભાઈ ઈસાભાઈ ડેરૈયા, અમરેલી હઠિલા હનુમાન પાસે અશરફભાઈ હબીબભાઈ બોળાતર, અમરેલી હનુમાનપરા રોડ જડેશ્વર નગરમાં વડિયાના દેવગામના જસકુભાઈ સુરજભાઈ ગીડા, ચલાલા મહાદેવપરામાં મહેશભાઈ ઉર્ફે મયલો, મગનભાઈ સરવૈયા, ચલાલા જાફરભાઈની લાતી પાસે ગોકળભાઈ મોહનભાઈ પરમાર બગસરા નવાજીનપરામાં પરબતભાઈ નારણભાઈ માળવી, ખાંભા ભગવતીપરા વિસ્તારમાં જુસબભાઈ સીદીભાઈ સોરઠીયા સહિતે મકાનો ભાડાપેટે આપી પોલિસને જાણ નહી કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા પોલિસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

### અવસાન નોંધ

**સાવરકુંડલા**

સાવરકુંડલા નિવાસી સ્વ. પ્રવીણચંદ્ર (કાળુભાઈ) નાથાલાલ ધંધુકિયા ના ધર્મપત્ની ગં. સ્વ. વનિતાબેન (ઊં. વ. -૭૫) આજરોજ તા. ૨૪/૧૧/૨૦૨૪ ને રવિવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે કનાભાઈ તથા તેજુભાઈ અને જીતેન્દ્રભાઈ ના મમ્મી થાય તથા કુમુદબેન હિરેનકુમાર (બાવળા) તથા કાજલબેન રાજેશકુમાર (બરવાળા) ના મમ્મી તથા હરગોવિંદદાસ, મનહરલાલ, વસંતભાઈ અને કિર્તીભાઈ ના ભાભી તથા ધનીબેન રસિકલાલ પડધરીયા (મહુવા) તથા મંજુબેન હરસુખરાય (બગસરા) તથા હસુબેન જશવંતરાય (બાવળા) ના ભાભી થાઈ તેમની ભાઈઓ તથા બહેનોની સાદડી ૨૫/૧૧/૨૦૨૪ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ વિશાશ્રીમાળી જૈન મહાજન વાડી દેરાસર શેરી સાવરકુંડલા રાખેલ છે.

**જાફરાબાદ**

મુ-જાફરાબાદ વાળંદ મરણ દિલગીરી સાથ જણાવવાનું કે આમારા પિતાશ્રી સ્વ. શશિકાન્તભાઈ મોહનભાઈ ચૌહાણ તેઓ તા -૨૪/૧૧/૨૦૨૪ ના રોજ રામ ચરણ પામ્યા છે જે પ્રશાંતભાઈ અને ધવલભાઈ ના પિતાશ્રી રજનીકાંતભાઈ (પીપાવાવ) અને ઉમેશભાઈ (PGVCL) ના મોટાભાઈ તથા નટવરલાલ વિસાણી ચંદુભાઈ નાથાણી સ્વ. મનસુખભાઈ સોલંકી મગનભાઈ વિસાણી દિનેશભાઈ સચાનિયા ના સાળા તથા દિનેશભાઈ ભરતભાઈ નિલેશભાઈ પરેશભાઈ રાઠોડ મહુવા ના બનેવી હિરેન થાય.

**અમરેલી**

અમરેલી નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ પ્રવીણચંદ્ર ભાનુશંકરભાઈ ઠાકર (ઉ.વ.૮૫) તે કાંતિભાઈના નાના ભાઈ, ભરતભાઈના મોટાભાઈ તેમજ હર્ષિતના પિતા તથા અતુલભાઈ, સંદીપભાઈ, દેવાંગભાઈ, ધવલભાઈના કાકાનું તા. ૨૫ના અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૮ને ગુરુવારના ના રોજ સાંજના ૩ થી ૬ સંઘવી ધર્મશાળા, સ્ટેશન રોડ અમરેલી ખાતે રાખેલ છે.

## સાવરકુંડલામાં ગુમ થયેલ સોનાનો ચેઇન શોધી મુળ માલીકને સોંપ્યો

**સાવરકુંડલા ટાઉન પોલીસની સુંદર કામગીરી**



અમરેલી, સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન અરજદારશ્રી મેહુલભાઈ પ્રવિણદાસ ગોંડલીયા રહે ગામ-ભેંકરા તા. સાવરકુંડલા જી. અમરેલી વાળા મળતા અરજદારશ્રીએ રજુઆત કરેલ કે, મહુવારોડ ખાતે ખરીદી કરવા આવેલ હતા આ વખતે પોતાના ગળામાં પહેરેલ સોનાનો ચેઈન ગુમ ગયેલ છે. તેવી રજુઆત કરતા સાવરકુંડવા ટાઉન પીવીસ સ્ટેશનના પોલીસ ઈન્સોકટરથી સી.એસ કુગસિયાએ અરજદારની ગુમ ગયેલ ચેઈન અરજદારને તાત્કાલીક મળી જાય તે સારૂ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટાફને સુચના આપતા સી.સી.ટી.વી. તથા હ્યુમન સોર્સ આયારે ગુમ ગયેલ સોનાનો ચેઈન કી.રૂ.૧.૧૫,૦૦૦/- નો શોધી કાઢી અરજદારને પરત સોંપી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ ખરા અર્થમાં સાર્થક કરેલ.

## બગસરામાં આંગણવાડી સંગઠન મંડળે આવેદન પત્ર આપ્યું

**હાઇકોર્ટના ચુકાદા મુજબ પગાર અને વેતન આપવા માંગણી**




બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરા આંગણવાડીના કર્મચારીઓ દ્વારા આજરોજ બગસરા તાલુકા પંચાયત ઓફિસમાં આવેલ સીડીપીઓને આવેદનપત્ર આપી રજૂઆત કરાઇ હતી. વિગતોનુસાર આજરોજ બગસરા આંગણવાડી મહિલા કર્મચારીઓ દ્વારા બગસરા તાલુકા પંચાયત ખાતે આવેલ સીડીપીઓની ઓફિસમાં સૂત્રોચાર કરી ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૨ ૮ ૨૪ ના રોજ આપેલ ચુકાદા અનુસાર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ના વર્ગ ત્રણ અને વર્ગ ચાર મુજબ ન્યૂનતમ વેતન અને પગાર આપવા કરાયેલ ચુકાદાને ટાંકી પગાર અને વેતન ચૂકવાઈ એ અનુસંધાને આજરોજ આવેદનપત્ર આપ્યું હતું જેમાં બગસરા ની તમામ આંગણવાડીની બહેનો કર્મચારીઓ સહિતના હેલ્પર આ આવેદન આપવા રેલી સ્વરૂપે બગસરા તાલુકા પંચાયત ખાતે પહોંચ્યા હતા.

## અમરેલી ગજેરા કેમ્પસના ખેલાડીઓ જુડો સ્પર્ધામાં રાજય કક્ષાએ ઝળક્યા

**રાજયકક્ષાએ સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવી ગજેરા કેમ્પસનું ગૌરવ વધાર્યું**



અમરેલી, શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલમાં અભ્યાસ કરતા અને જુડો રમતમાં ૬૮મી રાજયકક્ષા સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડીયા (SGFI) દ્વારા ઓયોજિત જુડો રાજયકક્ષા અંડર- ૧૪ ભાઈઓ અને બહેનો ચેમ્પિયનશીપનું આયોજન, નડીયાદ ખાતે કરવામાં આવેલ હતું.

જેમાં અમરેલીના શ્રીમતિ એસ.એચ. ગજેરા ડી.એલ.એસ.એસ. અને ઈનસ્કૂલના જુડો રમતના આ ખેલાડીઓએ (૧) પેથાણી કાવ્યા-બ્રોન્ઝ મેડલ (૨) નાકીયા ઈશ્વર-બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. તેમજ તારીખ : ૦૬/૧૧/૨૦૨૪ ના રોજ જીલ્લા જુડો રાજયકક્ષા અંડર-૧૭ ભાઈઓ ચેમ્પિયનશીપનું આયોજન, પાંચોટ (મહેસાણા) ખાતે કરવામાં આવેલ હતું. જેમાં (૧) મેણીયા કલ્પેશ-ગોલ્ડ મેડલ (૨) સાવલીયા શ્યામ-સિલ્વર મેડલ (૩) મકવાણા કુલ્દીપ-બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજય તેમજ અમરેલી જિલ્લા અને શાળા પરીવારનું ગૌરવ વધાર્યુ હતુ. ઉપરોકત સ્પર્ધામાં ગુજરાતી વિવિધ શાળાઓમાંથી ખેલાડીઓએ પાર્ટીશીપેટ કરેલ હતુ. જેમાં શ્રીમતિ એસ.એચ. ગજેરા શાળાના વિદ્યાર્થીઓએ આ તમામ ખેલાડીઓમાંથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ હતું અને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી શાળાને ગૌરવની લાગણી અનુભવી હતી. આ તકે સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી, જુડો કોચશ્રી ધ્રુવરાજસિંહ ગોહીલ, ટ્રેનર અને ડી.એલ.એસ.એસ. સ્ટાફ તેમજ શાળાના આચાર્યશ્રીઓ અને સ્ટાફગણે તમામ વિદ્યાર્થીઓને હૃદયપુર્વક અભિનંદન પાઠવી તેમની સિધ્ધિને બિરદાવી હતી અને ભવ્યિમાં હજું સારું પ્રદર્શન ગુજરાત રાજય અને ભારત દેશનું પ્રતિનિધીત્વ કરે અને અને ગૌરવ વધારે તે માટે પ્રોત્સાહન પુર પાડવામાં આવેલ હતું.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં.૭
તા.૨૬-૧૧-૨૦૨૪ મંગળવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## સંયુકત રાષ્ટ્ર દ્વારા આગામી વર્ષ ૨૦૨૫ને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે ઘોષિત

# દિલ્હીમાં ગ્લોબલ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતાં શ્રી મોદી

**ભારત મંડપમ દિલ્હી ખાતે સંયુકત રાષ્ટ્રના સહકારી વર્ષના પ્રારંભ પ્રસંગે યુનાટેડ નેશન્શના મહાનુભાવોનું પાટનગર ખાતે ભવ્ય આગમન સાથે સ્વાગત કરાયું**

**સહકાર મંત્રીશ્રી અમિત શાહ, ભુતાનના પ્રધાનમંત્રી શેરીંગ તોબગે, ફિજીના નાયબ પ્રધાનમંત્રી માનોકામીકામીકા સહિત ૧૦૦ દેશોના ૩ હજાર મહાનુભવોની ઉપસ્થિતિ**

**ગ્લોબલ કોન્ફરન્સને યાદગાર બનાવતી પોસ્ટલ ટિકીટને પ્રધાનમંત્રીએ બહાર પાડીને ભારતની ઉમદા સહકારીતાનો સહયોગ દર્શાવ્યો : ગ્લોબલ કોન્ફરન્સના સુંદર આયોજન વ્યવસ્થા બદલ ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીની સરાહના : ભારતીય પરંપરાગત મહેમાનને આવકારી સ્વાગત કરતાં શ્રી દિલીપ સંઘાણી**






અમરેલી,

સયુકત રાષ્ટ્રદ્વારા આગામી વર્ષ -૨૦૨૫ ને 'રાષ્ટ્રિય-આતરરાષ્ટ્રિય સહકારી વર્ષ'' તરીકે ઘોષિત કરવામા આવેલ તે અતર્ગત ભારત મડપમ્-ન્યુદિલ્હી ખાતે દેશના જનપ્રિય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આઈ.સી.એ. ગ્લોબલકોન્ફરન્સનો પ્રારભ કરવામા આવેલ છે. પાચ દિવસ ચાલનાર ગ્લોબલ કોન્ફરન્સમા ગૃહ-સહકાર મત્રી અમીતભાઈ શાહ, ભુતાનના વડાપ્રધાન એચ.ઈ.દાસો શેરીગ ટોબગે, ફિજીના નાયબ વડાપ્રધાન એચ.ઈ.માનો કામીકામીકા, આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકો, આઈ.સી.એ.ના ડાયરેકટર જનરલ જેરોન ડગ્લાસ, આઈ.સી.એ.એ.પી.ના અધ્યક્ષ ડો.ચંદ્રપાલસિહ, નાફસ્કોબના અધ્યક્ષ રવિન્દ્ર રાવ સહિત વિશ્વના વિભિન્ન દેશોમાથી પધારેલ સહકારી આગેવાનો ઉપસ્થિત રહયા છે. ગ્લોબલ કોન્ફરન્સને સબોધતા પ્રધાનમત્રીએ જણાવેલ કે, અમુલ ભારતનુ ગ્લોબલ ટોપ બ્રાન્ડ, સરદાર પટેલ એ કિસાનોને એક કર્યા સહકાર અને સરકાર થી દેશ સમૃધ્ધિ તરફ જઈ રહયો છે દુનિયાની સહકારી સસ્થાઓમા દર ચોથી ભારતમા પેટ્રોલ-ડીઝલ, સોલાર, પાણી વિગેરેમા સહકારી સસ્થાઓ સામેલ છે.વિકાસ સાથે સહકારી ક્ષેત્રે પણ હરણફાળ ભરી છે ભારતના યજમાન પદે નવી દિલ્હી ખાતે ૨૫ થી ૨૯ નવેમ્બર-૨૦૨૪ સુધી ચાલનાર ઈન્ટરનેશનલ ગ્લોબલ કોન્ફરન્સ અનેક વિકાસની કેડી કડારશે સહકાર દ્વારા વિવિધ ક્ષેત્રોએ વિકાસ અને રોજગારીની નવી આશાઓને મૂર્તિમત કરવા જરૂરી પ્રયાસો આગળ ધપાવવા અનેક વિકાસશીલ યોજનાઓ સાથે કામ કરી રહેલ સહકાર તાલીમ, યોજનાઓન અમલીકરણ, જન જાગૃતિ સેમીનાર વિગેરેને વૈશ્વિકસ્તરે મૂકવા અને તેની આપૂર્તિ માટે વર્તમાન અને ભાવિ આયોજનો અનેક દેશોના રાષ્ટ્રિય સ્તરે ભારતની ભવ્ય ભૂમિકા તરફ મીટ છે રાષ્ટ્ર-દેશોના વિકાસમા સહકારના મૂળ ને મજબૂત દેશના આઈસીએ વૈશ્વિક સહકારી પરિષદ અને આઈસીએ જનરલ એસેમ્બલીનુ આયોજન આતરરાષ્ટ્રીય સહકારી જોડાણ લગભગ ૧૩૦ વર્ષના લાબા ઈતિહાસમા પ્રથમ વખત ભારતમા કરવામા આવી રહયુ છે, જે વૈશ્વિક સહકારી ચળવળ નુ અગ્રિમ નેતૃત્વ કરે છે. ભારત સરકાર અને ભારતીય સહકારી સસ્થાઓ ઈફકો, ક્રિભકો અને અમુલ દ્વારા આ વૈશ્વિક પરિષદ સહકારી ક્ષેત્રના વિકાસની નવી દિશા ખોલનાર બની રહયુ છે. આ કાર્યક્રમનો મુળભુત ઉદેશ સહકાર થી સમૃધ્ધી ઉપર કામ કરશે. આ કાર્યક્રમ દેશ વિદેશની સહકારી પ્રવૃતિને સગઠીત અને હાસલ કરવામા વિશ્વભરમાં સહકારી મડળીઓ દ્વારા પેનલ સત્રો, કાર્યશાળાઓ, સ્થાયી આર્થિક વૃધ્ધિક્ષેત્રમા બદલાવ લાવવાનુ કામ કરશે. કાર્યક્રમ અતર્ગત પ્રધાનમત્રી એક સ્મારક પોસ્ટલ સ્ટેમ્પ પણ લોન્ચ કરશે જે સહકારી આદોલન પ્રત્યે ભારતની પ્રતિબધ્ધતાનુ પ્રતિક બની રહેશે. આ સ્ટેમ્પમા કમળનુ પ્રદર્શન કરવામા આવ્યુ છે જેના માધ્યમથી આ પ્રવૃતિમા શાતી, તાકાત અને વૃધ્ધીની અનુભૂતિ થશે. આ કો.ઓપરેટીવ કોન્ફરન્સ કૃષિ, ડેરી, મત્સયઉધ્યોગ, ગ્રાહક સહકારી મડળીઓ, સુગર મીલો, ગ્રામીણ સહકારી બેન્કો, ટેકનોલોજી, પ્રવાહી રાસાયણીક ખાતરો, પ્રાથમિક ખેતિવાડી સોસાયટી, ડેટાબેજ, મોડલ બાયલોઝ, ઈ-સેવા, સામાજીક સમતા અને વિકાસ ને ઉતેજન આપવા ઉપર સવાદ થશે.

૨૦૨૫ ના વર્ષને સહકારીતા વર્ષ જાહેર કરવા સાથે આયોજીત આ ગ્લોબલ કોન્ફરન્સ ને યાદગાર બનાવતી પોસ્ટલ ટીકીટ ને પ્રધાનમત્રીએ બહાર પાડીને ભારતની ઉમદા સહકારીતાનો સહયોગ દર્શાવેલ છે સાથોસાથ યુવાનો અને મહિલાઓ સહકારીતાઓમા અગ્રીમ ભૂમીકા ભજવે તે ઉપર ભાર મુકવામા આવેલ હતો. સહકારી ક્ષેત્ર પેટ્રોલ, ડીઝલ, સોલાર અને જળ ક્ષેત્રની કામગીરીમા પણ યોગદાન આપી રહલ છે જે પ્રશસનીય છે.

ભાવભરી શ્રધ્ધાંજલી
સ્વ.પાવન કિશોરભાઇ પટેલ (ભાયાણી)
સ્વ.તા.૧૭-૧૧-૨૦૨૪ રવિવાર, ગામ : રાજુલા
તુ એક પળમાં જીંદગીભરનું સભારણું છોડી ચાલ્યો ગયો,
જીંદગી ટુંકી હતી છતાં લાગણી ઘણી મુકી ગયો તુ, જીવ્યો થોડું પણ જીતી ઘણું ગયો તુ,
પરમ કૃપાળુ પરમાત્મા તારા દિવ્ય આત્માને પરમ શાંતી અર્પે એજ પ્રાર્થના...
લી.
રાજુ માઢક - આશિષ મહેતા - અવિનાશ જાની
મિતલ મારબલ એન્ડ ગ્રેનાઇટ - રાજકોટ

## મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ - ૨૦૨૪

# અમરેલી જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ યોજાઇ

**જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી અજય દહિયાએ મતદાન મથકની મુલાકાત લીધી**



અમરેલી, ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૦૧.૦૧.૨૦૨૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ જાહેર કરવામાં આવ્યો છે. આ અંતર્ગત તા. ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૪ શનિ-રવિવારે અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૭૧ મતદાન મથકો ખાતે બુથ લેવલ ઓફિસરશ્રી (બીએલઓ)ઓ દ્વારા મતદાર યાદીમાં નામ નોંધણી, સુધારા, કમી માટેના ફોમ્સ સ્વીકારવામાં આવ્યા હતા.

આ ઝુંબેશ અંતર્ગત અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી અજય દહિયા, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, ચૂંટણી ફરજ હોય તેવા અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ દ્વારા મતદાન મથકની મુલાકાત લેવામાં આવી હતી. મતદાન સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી અજય દહિયાએ જરુરી દિશાનિર્દેશ આપ્યા હતા.

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

## રાજકોટ રામકથામાં ડુપ્લીકેટ પાસ સાથે ઝડપાશે તો કાર્યવાહી

રાજકોટ,

રામકથાના ડુપ્લિકેટ પાસ પકડાયે પોલીસ કાર્યવાહી થશે. અમુક કિસ્સામાં એવું કહેવામાં આવ્યું કે સદભાવના વૃદ્ધાશ્રમના રામકથા ખંડના અલગ અલગ પાસ પર બીજા અન્ય સ્ટીકર ચોંટાડીને તેનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. બે વ્યક્તિઓ આ અંગે ધ્યાનમાં પણ આવ્યા હતા જેમને કડક સૂચના આપવામાં આવી હતી. હવેથી આવું કોઈ પકડાય તો પોલીસ ફરિયાદ કરવામાં આવશે એવું સદભાવના વૃદ્ધાશ્રમની યાદીમાં જણાવાયું છે. આ સમગ્ર રાજકોટની છે. આવા એક્કલ દોકકલ વ્યક્તિ પકડાય તો સખત કાર્યવાહી કરવામાં આવશે. સદભાવના વૃદ્ધાશ્રમ પરિવાર સમગ્ર રાજકોટની જનતાનો સતત સહયોગ બદલ તેમની ચરણવંદના કરે છે, નમ્રતાભેરણ સ્વીકાર કરે છે. આવો સહકાર સતત મળતો રહેશે તેવી શ્રદ્ધા પણ સદભાવના વૃદ્ધાશ્રમ પરિવાર દ્વારા રાખવામાં આવી છે.

## ગુજરાત સ્ટેટ કોપરેટીવ બેન્ક તથા અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો. ઓ. બેન્ક દ્વારા

# સહકારી રમતોત્સવમાં અમરેલી જિલ્લા બેન્કના શ્રી રાવલ પાંચમી વખત વિજેતાં

**ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લઇ જિલ્લા બેન્ક તથા રાવલ પરિવારનું ગૌરવ વધાર્યુ**



અમરેલી, ગુજરાત સ્ટેટ કોપરેટીવ બેંક તથા અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ બેન્ક દ્વારા આયોજિત સહકારી રમતોત્સવ ૨૦૨૪-૨૫ માં ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના શ્રી સચિન કિશોરભાઈ રાવલે સતત પાંચમી વખત વિજેતા બનીને અમરેલી જીલ્લા મધ્ય સહકારી બેંક તથા સમગ્ર રાવલ પરિવારનું ગૌરવ વધાર્યું છે અત્રે ઉલ્લેખનીય કે આ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજ્યની તમામ સહકારી સંસ્થાના કર્મચારી શ્રી ઓએ ભાગ લીધેલ તેમાં સતત પાંચમી વખત વિજેતા બની અમરેલીના યુવાનોને પ્રેરણા પાડતું ઉદાહરણ સચિન કિશોરભાઈ રાવલ એ પૂરું પાડેલ છે શ્રી સચિન રાવલ નખ શીખ સ્પોર્ટ્સમેન છે અમરેલીના યુવાનોને રમતગમત ક્ષેત્રમાં રસ લેવા માટે સતત પ્રેરણા પૂરી છે તેમની આ સિદ્ધિ અને સ્પોર્ટ પ્રત્યેની નિષ્ઠા બદલ ખૂબ ખૂબ અભિનંદન શ્રી સચિન ભાઈ ના પિતાશ્રી શ્રી કિશોરભાઈ રાવલ અમરેલીના લોકપ્રિય કલા શિક્ષક હતા અને સચિન ભાઈ રમતગમત ક્ષેત્રે પોતાનું કૌશલ્ય બતાવી રહ્યા છે આ એક સુભગ સમન્વય કહી શકાય. સચિનભાઈ ની આ યાત્રામાં માનનીય શ્રી દિલીપભાઈ તેમજ મધ્યસ્થ સહકારી બેંકના સીઈઓ શ્રી કોઠીયાનું સતત માર્ગદર્શન તેમજ પ્રેરણા રહેલ છે

શ્યામ આંખની હોસ્પિટલ
ડૉ. કપિલ બી. વરૂ
એમ.એસ. (ઓપ્થેલ.)
ફેલો મેડિકલ રેટિના
મૌતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત
: મેઈન બ્રાન્ચ :
સફારી પ્લાઝા, બીજો માળ,
એંજલ સિનેમાની સામે, માણેકપરા,
અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦
: અન્ય બ્રાન્ચ :
: બાબરા :
ઝાફરી કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેશન, અમરાપરા રોડ,
બાબરા. મો. ૮૨૩૮૩ ૦૬૦૦૦
: ધારી :
ખોડીયાર કોમ્પ્લેક્ષ, પટેલ વાડી ગેટની સામે,
અમરેલી રોડ, ધારી. મો. ૮૨૩૮૩ ૦૭૦૦૦
: રાજુલા :
શિવશકિત શોપીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે,
કોહિનુર હોટલની સામે, જાફરાબાદ રોડ,
રાજુલા. મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦
: સાવરકુંડલા :
રિધ્ધિ સિધ્ધિ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસની સામે,
મહુવા રોડ, સાવરકુંડલા. મો. ૮૨૩૮૬ ૦૯૦૦૦

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
Alpha Autolink
Sale Helpline: 99046 49999
Service Helpline: 99045 49999
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)લાઠી રોડ બાયપાસ

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

બ.ડે.રજી.કેસ નં.૧૧૬/૨૪

નં.એમએજી/વશી/૬૨૫/૨૦૨૪...................................તા.૨૧-૧૧-૨૦૨૪

અરજદાર :- શ્રી રબારી હાર્દિકભાઇ કરશનભાઇ રહે.અમદાવાદ

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ડાભાળી ગ્રામ પંચાયત તા.ધારી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી રબારી હાર્દિકભાઇ કરશનભાઇ રહે. અમદાવાદ વાળાએ તેમની પુત્રી અપેક્ષા હાર્દિકભાઇ રબારીનો જન્મ તા.૧૦-૦૮-૨૦૨૦ ના રોજ ધારી તાલુકાના ડાભાળી ગામ મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૦૫-૧૨-૨૦૨૪ ના રોજ ૦૪:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધારી

## રાજકોટમાં રૂા.૨૨.૯૫ લાખનો દારૂ ઝડપાયો

રાજકોટ, રાજકોટ-અમદાવાદ હાઈવે પર કુવાડવા રોડ પોલીસની હદમાંથી એલસીબી ઝોન-૧ના સ્ટાફે ૨૨.૯૫ લાખનો અંગ્રેજી દારૂ ભરેલો ટ્રક ઝડપી પાડી બે આરોપી હીરાભાઈ ચનાભાઈ સાવધારીયા અને નાથાભાઈ બીજલભાઈ સાવધારીયા નવાગામની રંગીલા સોસાયટીમાં રહેતા જયંતિ રાઘવ ચૌહાણનું નામ ખૂલ્યું છે. જે ભાગી જતાં તેની શોધખોળ શરૂ કરી છે. એલસીબી ઝોન-૧ના પીએસઆઈ બી.વી. બોરીસાગરે મળેલી ચોક્કસ બાતમીના આધારે રાજકોટ-અમદાવાદ હાઈવે પર વોચ ગોઠવી બાતમી મુજબનો ટ્રક પસાર થતાં તેને અટકાવી તલાશી લેતા સિરામીકની આઈટમ અને કાચના ગ્લાસ બનાવવામાં ઉપયોગમાં લેવાતા ફેલ્સપાર પાઉડરની આડમાં છૂપાવેલી જુદી-જુદી બ્રાન્ડની અંગ્રેજી દારૂની ૩૪૫૬ બોટલો મળી આવી હતી.




સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ






## અમરેલી જિલ્લામાં ડિરેકટોરેટ ઓફ પ્રોસિકયુશન ગુજરાત રાજય તથા જિલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા

# અમરેલી કોર્ટમાં આજે સંવિધાન દિવસની ઉજવણી કરાશે

### ન્યાયમંદિર ખાતે જજશ્રીઓ, વકીલો, પોલીસ અધિકારીઓ સહિતની ઉપસ્થિતિ

અમરેલી, ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ ભારતીય બંધારણ દિવસ નિમિતે અમરેલી જિલ્લામાં ડિરેકટોરેક ઓફ પ્રોસિકયુશન ગુજરાત રાજય તથા જિલ્લા સરકારી વકિલની કચેરી અમરેલી જિલ્લા દ્વારા આજે સંવિધાન દિવસની ઉજવણી કાર્યક્રમ નિમિતે ન્યાય મંદિર અમરેલી (અનુ. પાના નં. ૨)













